# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/— આજીવન **૨૫૧**/—
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/— (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર— ૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશિષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.** 


You can download the pdf file of Adhyatma From Website
www.swargarohan.org


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| શુભ નાતાલ ને નવું ખ્રિસ્તી વર્ષ | તંત્રી | ૯ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૦ |
| સ્નેહસ્વરૂપા ‘મા’ સર્વેશ્વરી | તરલાબહેન દેસાઈ | ૧૫ |
| પ.પૂ. શ્રી માના ૭૫ મા વર્ષ-પ્રાગટ્ય પર્વ | રાજુભાઈ જાની | ૨૪ |
| માતૃ જન્મોત્સવ અમૃત મહોત્સવ | જ્યોત્સ્નાબેન,મયુર ટેલર | ૨૫ |
| દેવોના દેવ મહાદેવ માનવોના મહામાનવ મા સર્વેશ્વરી | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૩૯ |
| બાળકોના પૂજ્ય મા પ્રત્યેના પ્રતિભાવો | સુકૃતિ, મહર્ષિ, પુષ્ટિ, રથી, પુણ્યા | ૪૫ |

# સદ્‌ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુના એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયા. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેનની યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યા છે.

આભાર. ધન્યવાદ

ૐ



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

આ સંસારમાં માનવસમાજનો એક વર્ગ એવો છે કે જે આ સંસારમાં વધારે ને વધારે ભોગ મેળવવાની ઈચ્છા રાખે છે, ને આ જીવન દરમ્યાન જ સ્વર્ગ જેવા કોઈ સુખમય લોકમાં-રેલ્વેમાં સીટ રીઝર્વ થાય છે તેમ પોતાનું સ્થાન રીઝર્વ થાય તેવી ઈચ્છા રાખે છે ને તે ઈચ્છા પૂરી કરવા યજ્ઞ જેવાં વેદમાં કહેલા કર્મ પણ કરે છે. ગીતાએ આવા માણસોને ઉત્તમ કોટિના નથી માન્યા. ગીતાની દૃષ્ટિએ તેવા માણસો કૃપણ છે. ટૂંકી દૃષ્ટિના છે. માણસને બાંધનારી બેડી લોઢાની હોય કે સોનાની પણ તે બેડી છે જ, ને તેને બાંધવાનું કામ કરે છે, વળી ઝેર પિત્તળના પ્યાલામાં પીવામાં આવે કે ચાંદીના પ્યાલામાં, તે ઘાતક નીવડે છે એ નક્કી છે. તે જ પ્રમાણે ઈશ્વર પ્રીત્યર્થે કર્મ કરવાનું જ બરાબર છે. સંસાર ને સ્વર્ગના વિનાશી પદાર્થોની લાલસા રાખી અનેક જાતના કર્મ કરવામાં અજ્ઞાન જ રહેલું છે.

જો ઈચ્છા રાખવી જ છે તો જે વિનાશી છે તેની શા માટે રાખવી ? એક બાજુ દમડી પડી હોય ને બીજી બાજુ મુદ્રામણિ કે પારસ હોય, તો દમડીની ચાહના કોણ કરે ? પણ જેને કોઈ પ્રકારની ચાહના કે કામના નથી, તેને પારસ પત્થરનું પણ શું કામ ? એ માટે માણસે પરમાત્માનું શરણ લેવું જોઈએ, વિનાશી વસ્તુઓનું નહીં. ઉપનિષદ્‌માં નચિકેતાની વાત આવે છે. નચિકેતા બાળક હતા. પરંતુ સંસાર ને સ્વર્ગનાં બધાં સુખોને સાધારણ ને ચંચલ માનીને તેણે પરમાત્માની જ ઈચ્છા કરી. તેમ માણસે પરમાત્મામાં જ પ્રીતિ કરવી જોઈએ, ને પરમાત્માની

ચાહના કરવી જોઈએ. પરમાત્મા સિવાય બીજા ક્ષુદ્ર પદાર્થોની ચાહનામાં મૂર્ખતા રહેલી છે.

કર્મની કુશળતામાં યોગ રહેલો છે. એકલું કર્મ યોગમય બનતું નથી, પણ તે કુશળતાપૂર્વક કરાય તો યોગમય બની જાય છે, ને કર્મયોગની તે સાધના માણસને બંધનથી મુક્ત કરીને તારી દે છે. કર્મયોગની એ સાધનામાં બે ઉપયોગી અંગો પર ભગવાને અહીં પ્રકાશ ફેંક્યો છે. તેમાં પહેલું અંગ આલોક ને પરલોકની સુખની ઈચ્છાનો ત્યાગ કરીને ઈશ્વરપરાયણ બનીને કર્મ કરવાનું છે. એટલે કે માણસે પોતાની બુદ્ધિ ને કર્મનો સંબંધ ભગવાનની સાથે જોડી દેવાનો છે. માણસે આ લોક ને પરલોકના સુખની લાલસા રાખવાની નથી, તેમ આ લોક કે પરલોકના દુઃખથી ડગી જઈ કે ભયભીત થઈને તેણે કર્તવ્યનો રાહ છોડવાનો પણ નથી. સાચું સુખ તેની અંદર છે. તે સુખના અક્ષયવિગ્રહ જેવા પરમાત્મા પણ તેની અંદર વાસ કરે છે. તે પરમાત્માને પામી લેવાથી કે ઓળખવાથી તેને અક્ષય આનંદની પ્રાપ્તિ થશે, ને તેનું જીવન સફળ થશે.

કેટલાક માણસ કહે છે કે ગીતાએ કર્મ કરવાનું કહ્યું છે, પણ ફળની ઈચ્છા ના રાખવી એમ ઉપદેશ આપ્યો છે, તે બરાબર છે ? તો પછી કોઈ માણસ ઈશ્વરની ઈચ્છા રાખી કર્મ કરે તો તે શું બરાબર છે ? ભગવાનના દર્શનની ઈચ્છા રાખવામાં પણ તે રીતે તો ત્રુટિ રહેલી છે એમ નથી લાગતું ? આ વિશે આપનો શો અભિપ્રાય છે ? વાત એમ છે કે ફળની ઈચ્છા રાખીને માણસ કર્મ કરે, તેમાં કાંઈ હરકત નથી. મારી સમજ પ્રમાણે ગીતા તેનો વિરોધ નથી કરતી. ગીતાને કહેવાની વાત જરા જુદી



છે. માણસ ફળની ઈચ્છા રાખીને કર્મ કરે છે, પણ ફળની અસર તેના પર થયા કરે છે. ધારો કે કોઈ વિદ્યાર્થી છે તે વિદ્યા મેળવવાને માટે નિશાળે જતો હોય. પરીક્ષાનો વખત આવ્યો, વિદ્યાર્થી ધારો કે પરીક્ષામાં નાપાસ થયો તો તેની અસર તેના પર કેટલી બધી ભારે થાય છે ! જીવનની મોટી બાજી હારી બેઠો હોય તેવી નિરાશાનો તે અનુભવ કરે છે, ને મિત્રો તથા વડીલોથી દૂર ને દૂર સંતાતો ફરે છે. મિત્રો ને વડીલો પણ શું કરે છે ? આવે વખતે શાંતિના બે શબ્દ કહીને ઉત્સાહ ને આશ્વાસન આપનારા મિત્રો ને વડીલો ઓછા હોય છે, પરિણામે તેની નિરાશામાં વધારો થાય છે. પરીક્ષાના પરિણામથી નાસીપાસ થયેલા કેટલાક વિદ્યાર્થી મગજ પરનો કાબૂ ખોઈ બેસે છે, ઘર છોડીને નાસી જાય છે, ને આપઘાત કરવાની તૈયારી કરે છે. મુંબઈમાં રાજાબાઈ ટાવરનું મકાન સૌથી ઊંચું ગણાય છે. પણ નિશાળની ને જીવનની પરીક્ષામાં નિષ્ફળ ગયેલા વિદ્યાર્થીઓએ તે મકાન પરથી પડતું મૂકી જીવનનો અંત આણવાનો કેટલીકવાર પ્રયાસ કર્યો છે. આવા પ્રયાસને વખોડી કાઢવો જોઈએ. નિશાળની કે જીવનની જુદી જુદી પરીક્ષામાં નાપાસ થવાય તેથી શું ? નાહિંમત કે નિરાશ બનવાને બદલે તેણે હિંમત ને આશાથી સજ્જ થઈને ફરીવાર પુરૂષાર્થ કરવા માટે તૈયાર થવું જોઈએ.

એક બીજી વાત પણ સમજવા જેવી છે. નિષ્ફળતાથી નાહિંમત ન થવાય તે ધ્યાનમાં રાખવાનું જેમ જરૂરી છે, તેમ સફળતાથી અતિશય હરખઘેલા ને છેવટે અભિમાની કે ઉન્મત્ત બની જઈને પોતાનો માર્ગ ચૂકી ના જવાય, તે માટે જાગ્રત

રહેવાનું છે વિજય ને પરાજય બંનેની વધારે પડતી અસરથી માણસે મુક્ત રહેવાનું છે. માણસે કર્મ કરવાં, કર્મના ફળની ઈચ્છા પણ રાખવી પણ પોતાની ઈચ્છા પ્રમાણે ફળ મળે ના મળે તો પણ મનની સ્થિરતાનો ભંગ થવા દેવો નહીં. આનું નામ કર્મની કુશળતા. એટલે ભગવાનને ભજનાર ભક્ત ભગવાનના દર્શનની ઈચ્છા રાખે તેમાં કાંઈ જ ખોટું નથી. પાંચ વરસના બાળક ધ્રુવજી મધુવનમાં તપ કરવા માંડ્યા, તે શું ભગવાનના દર્શનની ઈચ્છા વિના કે? વાલ્મિકી ને તુલસી તથા સમર્થ રામદાસની તપશ્ચર્યા ભગવાન શ્રી રામના દર્શનને માટે નહોતી કરાઈ? સૂરદાસ ને મીરાંના દિલમાં શ્રીકૃષ્ણને માટે લગની નહોતી લાગી, ને કૃષ્ણને માટે જ તેમણે સાધના નહોતી કરી? ઈશ્વર કહો કે આત્મિક ઉન્નતિ કે શાંતિ કહો, સાધનાનું લક્ષ્ય તે જ છે. તેને માટે જ સાધના કરાય છે, ને તે લક્ષ્ય પૂરું ના થાય ત્યાં સુધી સાધના પૂરી થતી નથી એટલે સાધનાની સિદ્ધિ કે ભગવાનના દર્શનનું ફળ નિરંતર નજર સામે રાખીને સાધના કરવામાં કોઈ જાતનો દોષ નથી. ભગવાનનાં દર્શન કે સાધનાની સિદ્ધિમાં વિલંબ લાગે તો હિંમત હારી બેસવામાં ને પ્રયાસ મૂકી દેવામાં દોષ છે.

કર્મના ફળનો ત્યાગ કરવાનો ઉપદેશ આપીને ગીતા આ પ્રમાણે કર્મના ફળની સારી ને માઠી અસરનો ત્યાગ કરવાનું શીખવે છે. અથવા કર્મના ફળથી અલિપ્ત રહેવાનો પાઠ આપે છે. બાકી કર્મના ફળની ઈચ્છા ના રાખવાથી શું વળશે? માણસ ફળની ઈચ્છા નહીં રાખે તો ફળ તેને મળશે જ. કર્મના ફળમાંથી મુક્તિ મેળવવાનું કામ અસંભવ જેવું છે. ફળની



ઈચ્છા રાખીને કર્મ કરવાથી માણસ પોતાની સમગ્ર શક્તિને પોતાના ધ્યેયને સિદ્ધિ કરવાના કામમાં લગાવી શકશે એ લાભ થશે તે નફામાં.

કર્મના ફળનો ત્યાગ કરવાનો બીજો અર્થ પણ લઈ શકાય છે. કર્મના ફળની ઈચ્છાનો ત્યાગ કરવાનો નથી પણ ફળનો ત્યાગ કરવો એટલે જે ફળ મળે તે ભગવાનનું માની ભગવાનને અર્પણ કરી દેવું. ભગવાનનાં ચરણોમાં તેનો ત્યાગ કરવો એટલે કે ભગવાનને માટે ને ભગવાનની સૃષ્ટિને માટે તેનો ઉપયોગ કરવો. પોતાનું જ્ઞાન, પોતાને મળતું ધન ને બલ તથા ઐશ્વર્ય માણસે પોતાની જ સુખાકારી માટે નહીં, પણ બીજાના હિત માટે પણ વાપરવું. તે પર પોતાનો જ નહીં, પણ ભગવાનનો ને ભગવાનની સમગ્ર સૃષ્ટિનો હક્ક સ્વીકારવો. આમ કર્મફળનો ત્યાગ ખરેખર માનસિક છે, ભાવનાની દૃષ્ટિએ ત્યાગ છે; ને વસ્તુઃ પદાર્થનો ત્યાગ નથી એ સૌએ સમજી લેવાની જરૂર છે.


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

## શુભ નાતાલ ને નવું ખ્રિસ્તી વર્ષ

ડીસે.૧૭નો આ અંક વિદેશના વાંચકોના હાથમાં આવશે ત્યારે લગભગ નાતાલના તહેવારો શરૂ થઈ જવામાં હશે, કે થઈ ગયા હશે.

ભારતમાં દિવાળીના જેવું જ મહત્ત્વ ત્યાંના લોકોને નાતાલનું હોય છે તેથી **અધ્યાત્મ** પરિવાર-વિદેશના સર્વ લોકોને આ મંગલ પર્વ માટેની શુભ કામના પાઠવે છે. તેમજ સને ૨૦૧૮ના નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પણ.

નવા વર્ષમાં દેશ અને દુનિયામાં શાંતિ પ્રવર્તે તેમજ લોકો ભૌતિક સુખ સાથે પ્રભુને ન ભૂલે. તે માટે પૂ.ગુરુદેવ યોગેશ્વરજીને તેમજ પૂ.મા સર્વેશ્વરીના આશીર્વાદ સહુ પર ઉતરે તેવી પ્રાર્થના છે.

**તંત્રીગણ અધ્યાત્મ**

### New year wishes

Wish everybody best luck and Happy X'mas and New prosperous year both materialy and spritualy.

**Editor.**





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૪૦ ડીસેમ્બર—૨૦૧૭ અંક ૩


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ**

**દિન ૪૭**

**તા. ૧-૧-૮૩, ગુરુવાર, માગશર વદ બીજ ૨૦૩૯**

**ન્યુ કાસલ શહેરથી જોહાનિસબર્ગ**

ભાઈબહેનો તો ઘણાં બેઠાં હતાં. તેમાંથી એક ભાઈએ પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી. તે પ્રશ્નો ટૂંકાણમાં સારરૂપે નીચે મુજબ હતાં:

પ્રશ્ન: ઘણીવાર જ્ઞાની પુરૂષો પણ અયોગ્ય વર્તન કરતા જણાય છે. શું એ પૂર્વકર્મનું બંધન હશે?

પૂ.શ્રીઃ મોટામાં મોટું કારણ તો મનનું છે. મહાભારતમાં દુર્યોધન કહે છે કે,

**જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિઃ ।**
**જાનામ્યધર્મમ્ ન ચ મે નિવૃત્તિઃ ?**

(અર્થાત્ ધર્મ જાણું છું છતાં તે પાળી શકતો નથી, અધર્મ જાણું છું છતાં તે છોડી શકતો નથી.) ઘણા ક્રોધ કરવો એ સારું નથી એમ જાણે છે, અરે! એના ઉપર પ્રવચન પણ આપી શકે છે, છતાં સંજોગો ઊભા થાય તો તેઓ ક્રોધ કરી નાખે છે. એ મનનું કારણ છે.

ગમે તેવું પૂર્વકર્મનું બંધન હોય, પણ માનવ નવાં કર્મ કરવા તો સંપૂર્ણ સ્વતંત્ર છે.

દારૂની દુકાન જોઈને થયું — મારું કર્મનું બંધન જ એવું છે એટલે દારૂ પી નાખુ, ને પછી અંદર જઈને પી આવે. એમાં મન જ જવાબદાર છે. મન ઉપર સંયમ હોય તો એમાંથી સુધરવાના પ્રયત્ન શરૂ થાય.

જેઓ પુસ્તકિયા જ્ઞાનવાળા પંડિતો, જ્ઞાની, વિદ્વાનો છે તેઓ જ આવી ભૂલો વધારે કરતા હોય એવું લાગે છે. જે જ્ઞાનીઓ જીવનમાં જીવી જાણનારા છે તેઓ તો જીવીને શીખે છે. જીવનનું જેમને ભાન છે તે ઓછી ભૂલો કરે છે, ને તેઓ ભૂલોને સુધારવા પ્રયત્ન પણ કરે છે. 'નર કરણી કરે તો નર કા નારાયણ હોઈ.'

પ્રશ્નઃ સામાન્ય માનવે કેવી રીતે સાધના કરવી?

પૂ.શ્રીઃ સામાન્ય માનવીની સાધના તો સરળ છે. 'સાધના' શબ્દથી ડરવાની જરૂ નથી. કબીર સાહેબે ખૂબ સરસ માર્ગ બતાવ્યો છે. એમના એક પદમાં તેઓ લખે છે : 'મત કર મોહ તૂ.'

પહેલી જ વાત તેઓ મોહ ના કરવાની કરે છે.



**'હરિ ભજન કો જાન રે'** — પ્રભુને ભજો.

**'નયન દિયે દરશન કરનેકો'** — આંખથી સારું જુઓ.

**'શ્રવણ દિયે સુન જ્ઞાન રે'** — કાનથી જીવન-વિકાસની જ વાતો સંભળો. મુખથી હરિનામ-કોઈને મદદરૂપ થવાની વાત જ કરો. હાથથી દાન કરો. પદ, પ્રતિષ્ઠા, બુદ્ધિ, ધનથી બીજાને મદદરૂપ થાઓ. — આ થઈ બહારની સાધના.

કબીરજીએ 'ઘૂંઘટકા પટ ખોલ'માં અંતરની સાધના પણ બતાવી છે.

પ્રશ્ન : કેટલાક એકાંતમાં રહેનાર સંતો માનવસેવામાં માનતા નથી ?

આ પ્રશ્ન અંગ્રેજીમાં હતો. પૂ.શ્રીએ અંગ્રેજીમાં ઉત્તર આપ્યો.

પૂ.શ્રી : સંતો માનવસેવામાં માને છે. સેવા તો ઘણી રીતે થાય. આમ-તેમ ફરવાથી જ સેવા થાય તેવું નથી. જુદા જુદા માર્ગે સેવા થાય, જે સેવા ઘણીવાર દેખાતી નથી. ફૂલ સુગંધથી સંપન્ન બને તે પછી જ તે સુગંધ આપવાની સેવા કરે છે. દીવો, નદી પણ શક્તિથી સંપન્ન બને પછી જ સેવા કરે છે.

રામકૃષ્ણદેવે વરસો સુધી પ્રાર્થના કરી. દયાનંદે પણ ગુરુ પાસે રહીને જ્ઞાન મેળવ્યું. ઈશુ ખ્રિસ્તે પણ ગુફામાં તપ કર્યું. સમર્થ રામદાસે બાર વર્ષ ગોદાવરી-તટે મંત્રજપ કર્યા. આ બધા સંતો શક્તિથી સંપન્ન બન્યા પછી સેવા કરવા પાછા ફર્યા.

કેટલાક સંતો એક સ્થાને બેઠા તો ત્યાં બેસવું પણ જરૂરી હતું. ત્યાંથી પણ તેઓ સેવા જ કરતા હતા.

પ્રશ્ન : કલિયુગ ક્યારે પૂરો થશે?

પૂ.શ્રી : (અંગ્રેજીમાં પ્રશ્ન પુછાયો, જેથી પૂ.શ્રીએ અંગ્રેજીમાં ઉત્તર આપ્યો) શાસ્ત્રની વાતોને નવી દૃષ્ટિથી વિચારવી જોઈએ. જ્યારે મનમાં ક્લેશ, અશાંતિ, ક્રોધ, રાગ, દ્વેષ જાગે ત્યારે આપણા જીવનમાં કલિયુગ જાગે; પણ જ્યારે મનમાં શાંતિ, પ્રસન્નતા, પ્રેમ જાગે ત્યારે આપણા જીવનમાં સતયુગ જાગે. તમારે કયા યુગમાં જીવવું છે તે તમારે જાતે જ નક્કી કરીને જીવવાનું છે. એટલે આપણે માટે તે જ યુગ ચાલુ થશે.

પ્રશ્ન : પ્રભુની કૃપા વિના સંતોનાં દર્શન ન થાય?

પ્રશ્ન : કુંડલિની શક્તિમાં આપ માનો છો?

પ્રશ્ન : ભય ને ચિંતાની વૃત્તિ છોડવા શું કરવું?

પૂ.શ્રીએ એ પ્રશ્નોના લંબાણથી ઉત્તરો આપતાં જણાવ્યું : તુલસીદાસ, શંકરાચાર્ય, બધા જ સંતો કહે છે કે, સત્સંગ દુર્લભ છે. પ્રભુની કૃપા વિના તે મળતો નથી.

કુંડલિની શક્તિને શાસ્ત્રમાં જુદા જુદા નામે ઓળખાવી છે. તે શક્તિ ગુરુકૃપાથી, નામજપથી, આસનથી, પ્રાર્થનાથી જાગે છે. તેનાં લક્ષણો જે હમણાં પ્રચલિત થયાં છે તે, શાસ્ત્રોક્ત નથી. એ શક્તિની જાગૃતિનો અનુભવ થઈ શકે છે.

ભય ને ચિંતા પ્રભુમાં વિશ્વાસ હોય તો ના થાય. જ્યાં ભેદ અનુભવાય ત્યાં ભય જાગે; ને પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા હોય કે તે મારી રક્ષા કરે જ છે, તો ચિંતા ના રહે. એ માટે પ્રાર્થના-જપ કરવાં.

પ્રશ્નોત્તરી દરમ્યાન એક ભાઈ એવા પણ બેઠા હતા, જેઓ અહીંની લાયબ્રેરીમાંથી પૂ.શ્રીની આત્મકથા 'પ્રકાશના પંથે'



મેળવીને વાંચે છે. તેમને મેં પૂછ્યું કે, તમારે પણ કાંઈ પૂછવું હોય તો પૂછો.

તે ભાઈએ કહ્યું કે, મને આમાંથી જ પ્રકાશ મળ્યા કરે છે, એટલે મારે કશું પૂછવાનું રહેતું નથી. મેં આ પુસ્તકનાં ૨૧૯ પાનાં વાંચ્યાં છે. એમાંથી ઘણું જાણવાનું મળી રહે છે.

આજનો કાર્યક્રમ પૂરો થયો ત્યારે ઘડિયાળમાં સાડા આઠ વાગી રહ્યા હતા. છ થી સાડા આઠ સુધીનો આ કાર્યક્રમ રસપ્રદ રહ્યો. છેવટે સૌએ પ્રણામ કરીને વિદાય લીધી.

અમે ફળ ને દૂધ લીધાં. આ ઉતારાના વાડામાં થયેલાં તાજાં ફળો આજે અમને આગ્રહ કરીને શ્રી મગનભાઈએ આપ્યાં. વધુમા લીલી દ્રાક્ષ, પાકી કેરી, સક્કરટેટી પણ હતાં.

બધાં જ ફળો આ દેશમાં મળે છે. તેથી ફક્ત ફળ-દૂધ ઉપર રહેવું હોય તોપણ રહી શકાય તેમ છે.

ફળ-દૂધ લઈને થોડું વાંચન કર્યું.

આ યજમાન પરિવાર શ્રી ગજાનંદ મહારાજને માને છે. તેમની પાસે તેમના જીવનચરિત્રનું પુસ્તક છે, જે મેળવીને આજે મેં વાંચવાનું શરૂ કર્યું.

વાંચન બાદ આરામ.

★ ★ હરિઃ ૐ ★ ★

જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે.

—શ્રીમદ્ રાજચંદ્ર

# સ્નેહસ્વરૂપા 'મા' સર્વેશ્વરી

—તરલાબહેન દેસાઈ

આજે ૧૩ નવેમ્બર, પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીના સુવર્ણજયંતી સમારોહે 'સ્વર્ગારોહણ'માં આપણું એકત્રિત થવું અને અધ્યાત્મના ઝળહળ સૂર્યકિરણ સમા પરમ પ્રેમમયી 'મા'ની સંનિધિ અનુભવવી એ આપણા સર્વનું પરમ સદ્ભાગ્ય છે. કંઈ કેટલાય જન્મોનું પુણ્યફળ છે. પૂ.'મા'ની એક કૃપાદૃષ્ટિમાં આપણાં કેટલાંય કિલમિષોને હટાવી દેવાની ક્ષમતા છે.

આપણી સન્મુખ અહમ્‌રહિતતાનું એક ઐશ્વર્ય દેહધારી બની બિરાજ્યું છે; જે સત્ય અધિષ્ઠિત છે. જેનાં મન-વચન-કર્મમાં 'શાંતિની એકતાનું સંગીત' છે. જેની જીવનવીણાના તાર નથી તંગ, નથી ઢીલા. જેની સંવેદનશીલતા એટલી સર્વવ્યાપક છે કે આખા વિશ્વની નાડીનો ધબકાર એમાં સંભળાય. સંતુલન કદી ડગતું નથી અખંડ પ્રભુપ્રેમની ધારા 'મા'ના વ્યવહારમાં આવિષ્કૃત થાય છે, એની મૃદુતા-કોમળતા એ જ પ્રેમ !

સત્યાચરણથી સમગ્રતાની શુદ્ધિ થયા પછી જે કોમળ સુકુમાર સંવેદનશીલતા ઝરે છે એ પ્રેમ-બધાં સાથે આભિજાત્યપૂર્ણ ગરિમાભર્યો વ્યવહાર. એ કોઈનો નહીં તોય સર્વનો ! એમની સાથે કોઈનો આગવો સંબંધ સ્થપાઈ જ ન શકે. એમની પાસે જે છે એ સહજ સર્વને અપાઈ જાય, આપવાના કોઈ દાવા વિના ! આગ્રહ, આવેશ, આવેગ બિલકુલ નહીં. કેન્દ્રમાં પોતે નહીં, પરાર્થે જ સર્વ વ્યવહાર. જે સામે આવે તે પ્રભુનો પ્રસાદ. કોઈની રાહ નહીં, કોઈની ઉપેક્ષા નહીં. નિસ્પૃહ, નિરહંકારનું



તેજ તેમના જીવનમાં. જળમાં ઊઠે ને જળમાં જ સમાય એમ આત્મસત્તાનાં દર્શન પોતાના ઘટમાં ચરાચરમાં. એટલી સરળ અને સ્પષ્ટ કે સહજતા એમાં અનાયાસે આવી જાય.

૧૩ નવેમ્બર ૧૯૪૩ના પૂ.'મા' સર્વેશ્વરીના પ્રાગટ્યને વધાવતાં પૂજ્યશ્રી યોગેશ્વરજીએ કહેલું. 'કપૂરાની કમનીય પવિત્ર ધરતી પર એક પાવન ક્ષણે, પરમ ધન્ય ક્ષણે પ્રસન્નતાથી પુલકિત, પ્રેમપરિપ્લાવિત પાવન પદ્મ પ્રકટ્યું એ પદ્મપરિમલ માનવજાત માટે મંગલમય બનવાનો હતો.' અને સાચે જ એ મંગલમયતાની પ્રતીતિ પૂ.'મા'ની સંનિધિમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ કરી રહી છે પછી એ કોઈપણ જાત, પાત, ધર્મ કે સંપ્રદાયની હોય. અને એટલે જ કેલેન્ડર ઉદ્‌ઘોષિત આ અવસરને વધાવતાં, પૂ.'મા'ના નિરામય, દીર્ઘાયુષને પ્રભુ પાસે પ્રાર્થતાં યાદ રહે કે, પૂ.'મા' સ્વયં એક અવસર છે, એમને ચૂકવાં એ પરમ દુર્ભાગ્ય છે; એમને ઉપલબ્ધ કરવાં, એમની સંનિધિ અનુભવવી એ જીવનની સાર્થકતા-ધન્યતા છે.

કર્પૂરવનની એક બાલિકા 'સરોજ' આજે 'સ્વર્ગારોહણ'માં 'મા' સર્વેશ્વરી તરીકે અધિષ્ઠિત છે. સંસારમાં રહેવા છતાં સંસારથી પર રહીને માતાપિતાએ આપેલું 'સરોજ' નામ સાર્થક કરી દીધું અને શ્રી ગુરુ ભગવંતે અર્પેલ નામ 'મા' સર્વેશ્વરીનું ગૌરવ અકબંધ રાખી, સ્વયં ધારણ કર્યું એકાક્ષરી નામ 'મા'. જેથી કોઈપણ બાળક નિઃસંકોચ એમની નિકટ આવી શકે, સહજ ભાવ અનુભવી શકે.

'મા'ની એક વ્યાખ્યા છે. 'જે પ્રતીક્ષા કરે એ મા.' આ 'મા' જન્મદાત્રી નથી, જીવનદાત્રી નથી પણ જીવનમર્મદાત્રી છે, એને એવા બાળકની પ્રતીક્ષા છે, જેનામાં જિજ્ઞાસા છે પ્રભુ માટે-જે

વિહ્વળ છે પ્રભુપ્રેમ માટે. 'મા' કહે છે તેમ, 'જરાક તિરાડ જુએ તો 'મા' સાપોલિયાની જેમ એમાં સરકી જાય.'

પરમ પૂજ્ય 'મા'માં 'મનુષ્યતા' અને 'દિવ્યતા'નો સમન્વય છે. એમની દિવ્યતાને ઓળખવી એ આપણા ગજા બહારની વસ્તુ છે. એમની દિવ્યતાને પ્રણામ કરી શકાય, પૂજી શકાય. પણ ચેતનાને જે સ્તરે એ છે એની કલ્પના પણ આપણે માટે દુષ્કર. છતાં પૂજ્ય 'મા' આપણી એટલાં નિકટ છે, સંનિકટ છે કે એ આપણને આપણામાંનાં જ એક લાગે. એમની મનુષ્યતા, પ્રેમ અને કરુણાનો સંસ્પર્શ સહજ અને સર્વસુલભ છે. અલબત્ત 'મા' માનવીય ગરિમાની પરાકાષ્ઠા છે, જીવંત પ્રેમનું એક ઊર્ધ્વતમ શિખર છે; જેને પામવા એક જનમ ઓછો પડે. વળી મનુષ્યતાની સરહદ ક્યાં પૂરી થાય છે અને દિવ્યતાની સરહદ ક્યાં શરૂ થાય છે એ 'મા'માં આંકવું અશક્ય છે. એ રહસ્ય પણ આપણી પહોંચની બહાર છે. એટલે આપણે પૂ.'મા'માં સંપૂર્ણ નિખાર પામેલું 'પૂર્ણ મનુષ્યત્વ' નિહાળી શકીએ તોય ઘણું.

તેથી જ 'મા' જગદંબા છે, જગત્જનની છે, દિવ્ય-અલૌકિક શક્તિ છે, સ્વયંસિદ્ધા છે, સર્વસમર્થ છે, અંતર્યામી છે, એ પરમાત્માની એક એવી ઊર્જા છે જેમાં આપણા સર્વની ઊર્જાને જાગૃત કરવાની અપ્રતિમ ક્ષમતા છે; એની ઝલક વારંવાર મળવા છતાં એ પ્રદેશ આપણી સીમિત બુદ્ધિ માટે અગમ્ય રહેવા સર્જાયો છે એ સ્વીકારી લઈ, એ રહસ્યમયતામાં અટવાવાને બદલે જે 'હાથવગાં તથ્યો' છે, જેને સ્વયં 'મા' એ ખૂબ પ્રેમથી 'હૃદયવગાં' બનાવ્યાં છે; એ દ્વારા 'મા'ના અસ્તિત્વનું સત્ય પામી એને કેન્દ્ર તરીકે સ્થાપી, એના વર્તુળના અજવાળામાં એમને ઓળખવા પ્રયત્ન કરીએ એ આપણા હિતમાં છે.



પૂ.'મા'નું વ્યક્ત-પ્રગટ સ્વરૂપ જ આપણું કલ્યાણ સાધવા સક્ષમ છે. આપણે એ ઝીલવામાં ઊણા ન ઊતરીએ એટલો જ ખ્યાલ આપણે રાખવાનો છે. પૂ.'મા' વારંવાર કહે છે; 'માને જ જુઓ, માને જ સાંભળો.' એક આપણા જેવો જ સામાન્ય જીવ જોતજોતામાં કેવું ગજું કરી ગયો કે, શક્યતા-સંભવિતતાનું એક આખું આકાશ એણે જાણે આપણી સમક્ષ ખુલ્લું કરી દીધું. તો એ નીરખી-પારખી આપણી સંભવિતતા જગાડવા કેમ ન મથવું ? એમણે સિદ્ધ કરેલી અસાધારણતાની સર્ચલાઈટ આપણા માર્ગ માટે અજવાળા પાથરી રહી છે તો ત્યાં પા-પા પગલી માંડવા ઉત્સુક કેમ ન બનવું ?

મને ઘણાં પૂછે છે, તમારાં 'મા' છે કોણ ? એ મારી દીકરીનાં લગ્ન કરાવી આપે ? મારા દીકરાને ગર્વમેન્ટ જોબ અપાવી શકે ? મારો રોગ એ મટાડી શકે ? એ મને પ્રભુસાક્ષાત્કાર કરાવી શકે ખરાં ? વગેરે વગેરે અપેક્ષામૂલક પ્રશ્નોનો એક જ ઉત્તર છે, મારી પાસે. (કદાચ 'મા'ને જાણનાર સર્વ પાસે) કે, 'અમારાં 'મા' પાસે પ્રેમ છે, 'મબલખ પ્રેમ.'' તમે કદી કલ્પ્યો ન હોય એવો પ્રેમ, જે દિવ્ય છે, બિનશરતી છે.

'મા' પ્રેમનું એક સ્વચ્છ-પવિત્ર સરોવર છે. કદાચ માનસસરોવરથી પણ વધુ પવિત્ર. એ સરોવરમાં સર્વને સદા નિમંત્રણ છે. એમના શબ્દ તમને ડૂબતાં બચાવી શકે, એમનું મૌન તમને સામે પાર લઈ જઈ શકે.

પૂ.'મા'નો પ્રેમ સ્વયં ચમત્કાર છે, આપણામાં એ પ્રેમ માટે તીવ્ર અભીપ્સા હોવી ઘટે. આપણે કેવળ પ્રભુ જ જોઈએ છે, એ સિવાય કશું નહીં, કશું જ નહીં; એવી જો ખાતરી આપણે એમને કરાવી શકીએ તો આપણે ધાર્યું ન હોય, કલ્પ્યું પણ ન

હોય. અરે સ્વપ્નમાં ય ન વિચાર્યું હોય એવું સુખ આવી મળે. પૂ.'મા'ને તર્ક કે બુદ્ધિથી નહીં, ભાવ અને ભક્તિથી સાંભળો, શ્રદ્ધાની આંખથી જુઓ, થોડી તન્મયતા સાધો અને પછી એમના પ્રેમની ક્ષમતા અને મહાનતા તમારી સમક્ષ 'સુખના ભંડારો' ખોલી દેશે. ભાવ અને ભક્તિથી સાંભળો, શ્રદ્ધાની આંખથી જુઓ, થોડી તન્મયતા સાધો અને પછી એમના પ્રેમની ક્ષમતા અને મહાનતા તમારી સમક્ષ 'સુખના ભંડારો' ખોલી દેશે. તમે લેતાં થાકશો એ આપતાં નહીં થાકે.

"'મા' મીરાં છે, સ્વયં ભક્તિ છે." એ હું નથી કહેતી, સ્વયં શ્રી યોગેશ્વરજીએ કહ્યું છે. એમનામાં હૃદયની આરપાર નીકળી જતી 'સમર્પણની વીજળી છે, જે ભસ્મ થવા તૈયાર હશે તેનો નાતો એમની સાથે અતૂટ થઈ જશે. પછી એમના યોગક્ષેમનો સમગ્ર હવાલો 'મા' લઈ લેશે.'

પૂ.'મા' બહુ સ્પષ્ટ રીતે એક મંત્ર સર્વને આપી દે છે : 'તોડો અને જોડો.' જગતમાં બધું જ ક્ષણભંગુર છે. પ્રભુને શોધવા હોય તો શાશ્વતતામાં શોધો.

અહીં કશું જ આપણું નથી, ભ્રમમાં ન રહો. બધું જ છૂટી જવાનું છે. તો તમે જ નક્કી કરો કે, ક્યાં વળગ્યા છો ને ક્યાં વળગવાનું છે ?

જે જગતથી વિરક્ત છે તે જ પ્રભુઅનુરક્ત થઈ શકે.

અધ્યાત્મમાં ફિફ્ટી-ફિફ્ટી નથી ચાલતું. બે નાવ પર એક સાથે સવાર ન થઈ શકાય. સંસારની નાવથી ઊતરો અને પરમાત્માની નાવ પર ચઢો.

સંસારના સંબંધો અંધારી ઘાટી જેવા છે, એની મમતા છોડો. ત્યાં મૃત્યુ સિવાય કંઈ નથી. તમે એકલા છો ને એકલા જવાના છો.



સ્વજન-પ્રિયજનનું મૃત્યુ પણ તમને સંસારથી વિમુખ અને પ્રભુની સન્મુખ કરવા આવે છે. 'તમે એકલા પડો તો જ પ્રભુ સાથે રહેવા આવે.'

પરમાત્મા સાથે નાતો જોડ્યો તો પછી જગતમાં કોઈ હાનિ તમારા માટે નથી. પ્રારબ્ધ પણ તમારા ઉપરથી પસાર થઈ જશે, એની હાજરી રહેશે પણ એની કેદ-ભીંસ-નહીં હોય. આ 'મા' દીધું કેટલું મોટું આશ્વાસન છે ! વરદાન છે !

પૂ.મા જે કંઈ કરે છે એ સહજ કરે છે, એમનાથી સ્વાભાવિકતયા એ થઈ જાય છે.

આવાં પ્રેમમયી 'મા'ની ઉપસ્થિતિ જ કલ્યાણમય. એમનું મૌન સંક્રમક શક્તિનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. શબ્દોના કોલાહલથી પર શાંત મૌન 'મા'ની કૃપાનું અત્યંત મુખર રૂપ છે.

'મા'નો સત્સંગ આપણા પિંજરમાં ખુલ્લા આકાશની ખબર લાવે છે. પિંજરના સળિયા તૂટતાં જ 'આખું આસમાન તમારું છે. એને પોતાનું કરી લો.' એમ પ્રેમથી એ રીતસર વીનવે છે. 'અહીંનો શાંતિ-મૌનને ઓળખી લો. અંદર ઊતારી લો.' એવો અનુનય કરે છે.

આપણને આકાશ છે એનો ખ્યાલ પણ નથી રહેતો, અરે આપણી પાસે પાંખ છે ને એનાથી ઊડી શકાય છે એ ય યાદ નથી રહેતું. 'મા' પાસે 'પાંખોનો ફફડાટ' સંભળાય છે. એમને સતત આકાશમાં ઊડતાં અનુભવાય છે. એમનાં આનંદ-પ્રસન્નતા-શાંતિ-સ્થિરતા-રસની ગરિમાથી આહ્‌લાદિત થતાં આપણા હૃદયમાં પણ છાનો-છાનો, ધીમો ધીમો, એ ઉડ્ડયન માટેનો ઝંખના ભાવ જાગવા માંડે છે, આપણે પણ આપણા તન-મનના કષાયો ઓગાળવા-આત્મતત્ત્વને પોંખવા ઉત્સુક

બની જઈએ છીએ. અને પૂ.'મા' ને પ્રણામ કરવા નીચે નમીએ છીએ તો જાણે 'આત્માની ઉપલબ્ધિ' લઈ ઊંચા ઊઠીએ છીએ.

પૂ.'મા'ના સત્સંગમાં પ્રભુકૃપાની અનુકંપાની જાણ થાય છે. 'પ્રભુની કરુણા આપણાં દુઃખોથી ઘણી મહાન છે. એના હાથ બહુ લાંબા છે. આપણને સાહવા માટે. આપણે ગમે તેટલા દૂર નીકળી ગયા હોઈએ-એ આપણા સુધી પહોંચી જ જાય છે. પ્રભુના હજાર હાથ છે એ બધી તરફથી, બધી દિશાએથી આપણને ઊઠાવી લેશે. પણ ત્યાં સુધી નહીં ઊઠાવે-જ્યાં સુધી તમે પ્રબળ પોકારો નહીં કરો !' -આમ કહી, આપણને પુરુષાર્થ માટે પ્રેરે છે, જાણે 'મા'ના પ્રજ્વલિત દીપની સંનિધિમાં આપણો હોલવાયેલો દીવો જલી જાય છે.

પ્રભુકૃપા આપણી આંખે ન દેખાતી હોય તો 'મા'નો નેત્રો સામે બેસીએ જ નેત્રોને પ્રભુકૃપા સિવાય કંઈ દેખાતું જ નથી. એ કહે છે : 'તમારું હોવું-તમારો એકે એક શ્વાસ એની કૃપાનો વાહક છે.

તમને ઈસુખ્રિસ્ત જેવી ખીલા ઠોકવાની વેદના તો નથી થઈને ?'

'મા' પાસે આવતાં જ સમજાય છે કે, કીચડમાંથી કમળ પેદા થાય છે પણ કમળ કીચડ નથી, એમ આપણે હાડમાંસના બનેલા છીએ પણ આપણે એનાથી ઘણા ઊંચે છીએ, ચૈતન્ય છીએ, જે અદશ્ય છે; પણ એનાથી જ્ઞાત બનવાનું છે. આમ પૂ.'મા' આપણને આપણું મૂલ્ય-મહત્ત્વ સમજાવે છે. આપણો, આપણાં સ્વજનો-સંબંધોનો પણ મહિમા કરી આપણી 'આંતરિક મહત્તા'ને ઉજાગર કરે છે. એટલું જ નહીં, 'મા' આપણું ગૌરવ કરે છે, આપણી ગરિમા સાચવે છે, આપણને સહેજ પણ



ઊતરતા-હલકા ગણ્યા વિના, આપણા દોષોને દરગુજર કરી; આપણા 'આંતરઐશ્વર્ય'ને પોંખે છે અને આપણામાં રહેલું સર્વોત્તમ આવિષ્કૃત કરે છે. આપણને સ્હેજ પણ દીન-લાચાર કર્યા વિના, આપણી લાગણી માગણી બને એ પહેલાં આપણી ઈચ્છા, મુજબ એનાયત કરે છે. આ પ્રેમની નજાકત-સુકુમારતા એવી છે કે, શબ્દના સ્પર્શથી એ અળપાઈ જાય.

'તન-મનથી સ્વસ્થ થવું જ પર્યાપ્ત નથી. પરમાત્મા સુધી પહોંચવાનું એ સાધન બનવું જોઈએ.' એવું પ્રેમથી સૂચવી આપણામાં 'દિવ્ય અસંતોષ' 'Divine Discontent' ઊભો કરે છે. તો 'આપણામાં જોઈએ એવી જિજ્ઞાસા નથી જાગતી' એવી આપણી ફરિયાદ સાંભળતાં જ 'એનીય ચિંતા આપણે શું કરવાની ? ચિંતા કરવાની જોબ પ્રભુની છે એને જ સોંપી દો બધું' કહી 'મા' અનોખા આત્મશ્રદ્ધા-પ્રભુશ્રદ્ધાથી આપણને મઢી દે છે.

પૂ.'મા'નો એક પ્રેમસંદેશ છે-મૌનનો આદેશ કે હુકમનામું નથી 'ચૂપ રહો, શબ્દોની ગરબડ ન કરો, એમ નહીં.' પણ અનુરોધ છે : 'પોતે જ પોતાની અપોઈન્ટમેન્ટ લો. જાતને જ મળો. ઓળખો. મૌનમાં બેસો.'

ભીતર વળતાં જ સમજાશે કે, પ્રભુ તો અંદર બેઠો છે; ને તમે એને બહાર શોધો છો. તમારું આત્મતત્ત્વ એ જ તમારો પ્રભુ. અહંકારની દોડમાં સમય ન વેડફો. પરમાત્મા ઊતરી આવશે સ્વયં.

મૌન તમને શૂન્ય બનાવશે. ક્યાંય તમે અનિવાર્ય નથી. ફરજ-કર્તવ્ય પણ અહંકારના રૂપ.

રહસ્યોનું રહસ્ય છે મટી જવું, ખપી જવું, જાત વિસ્મૃત કરી

દેવી. અહર્નિશ પ્રભુનું અનુસંધાન. જીવનમાં પરમાત્માનો સાથ શોધી લીધો કે, આપણું દુઃખ સમાપ્ત. આપણે નિર્ભાર થઈ ગયા.

પછી કોઈ વિધિવિધાન-કોઈ ઔપચારિકતાની જરૂર નહીં. મહાનમાં મહાન સદ્ગ્રન્થ પણ તમારા અંતરમાં જ છે, એ વાંચો.

કવિવર ટાગોરે છ હજાર ગીતો રચ્યા પછી અંતકાળે કહ્યું હતું; 'હજી તો મેં સાજ જ બેસાડ્યો છે. ને પ્રસ્થાનની ઘડી આવી ગઈ ! જે ગાવા માગતો હતો તે ગીત તો ભીતર પડ્યું હતું. તાર કસી, તબલાં બેસાડી, ગાવા ચહ્યું ત્યાં જવાનું ફરમાન !' તો યમ ટકોરા મારે એ પહેલાં 'મૌનનું ભીતરી સંગીત સાંભળો. એ અહંકારનું મૌન છે, આત્માના સાતે સૂરો એમાં છે. જે પ્રભુને પ્રિય-અતિપ્રિય છે. કલ હો ન હો.'

સૌથી વિશેષ તો 'મા' કહે છે : 'સહજ બનો અને અખંડ ભાવથી જે થાય તે કરો-તમારા થકી થવા દો. જે જે વિશેષતા પ્રભુએ અર્પી છે તે પ્રભુને-પ્રભુનિર્મિત જગતને અર્પી-અર્પી કૃતાર્થ થઈ જાઓ.'

પરમાત્મા તમારી પાસે જ છે, એનું એમ હોવું સહજ છે. કારણ કે તમે એના છો. એ તમને ખોજી રહ્યો હોય છે. એનો હાથ તમારા તરફ લંબાયેલો છે, એને સાહવામાં વિલંબ ન કરો. એના હાથમાં તમારો હાથ આવી ગયા પછી કશું કરવાની જરૂર નથી.

આમ નિતાન્ત સ્નેહથી પ્રભુ તરફ સતત સર્વને દોરતાં સહજ સ્નેહસ્વરૂપા 'મા' સર્વેશ્વરીને કોટિ કોટિ પ્રણામ.



# પ.પૂ.શ્રી માના ૭૫મા વર્ષ-પ્રાગટ્ય પર્વ

-રાજુભાઈ જાની

**"સ્વર્ગારોહણ નવરાત્ર"**

તા : ૦૫–૧૧–૨૦૧૭ થી તા : ૧૩–૧૧–૨૦૧૭ પર્વ દરમ્યાન સાધના માટેના નિયમો.

**કોઈપણ બે નિયમો લેવા જરૂરી છે.**

૧. ૨૫ કલાક મૌન (દરરોજ ૩ કલાક)

૨. કુલ ૭૫ બાવની - (મા-પ્રભુથી દરરોજ ૯ બાવની)

૩. કુલ ૭૫૦૦૦ મંત્રજપ (રોજ ૯૦ માળા)

૪. કુલ ૨૦૦૦ પ્રણામ (રોજ ૨૫૦ પ્રણામ)

૫. કુલ ૧૫૦૦ પ્રદક્ષિણા (૭૫૦ કુટીયા-૭૫૦ સરોડાતિર્થ દરરોજ ૧૮૦ પ્રદક્ષિણા)

૬. મૂળ પ્રકાશના પંથેના ૭૫ પ્રકરણોનું પારાયણ (દરરોજ ૯ પ્રકરણ)

૭. પ્રેમ સંગીતના ૭૫ પારાયણ-(દરરોજ ૯ પારાયણ)

નવ દિવસ દરમ્યાન-એક નિર્જળા વ્રત (દિવસ તમારે નક્કી કરી કાર્યાલયમાં જણાવવો)

નવ દિવસ એક ટંક સાદુ ભોજન-એક ટંક ફળાહાર-દૂધ "મુલાકાતનું મૌન" રાખી સહયોગ ધરીએ...

# માતૃ જન્મોત્સવ અમૃત મહોત્સવ

—જ્યોત્સ્નાબહેન ત્રિવેદી, મયૂરી ટેલર

દિવાળી આવે એટલે જાણે કાન સરવા થવા માંડે આસપાસ જ ૧૩મી નવેમ્બર આવે. હૃદયમાં કંઈક થવા માંડે. પગ થનગનવા માંડે. ગીતો ગણગણાવા માંડે ઉરમાં જાણે આલ્હાદનો સ્રોત ઊભરાય. માતૃ જન્મોત્સવે સહુ ઘેલાં થાય. આમે પૂ.માની ઉપસ્થિતિ એ જ જાણે દિવાળી. મન ગાયા કરે "તમે છો તો અમારે મન બધાય દિન દિવાળી છે." આ વર્ષ તો અમૃત મહોત્સવ શ્રી શ્રી માને તો દરેક ઉજવણી સાધનાત્મક જ ગમે. સરસ સમયનું આયોજન જ પૂ.મા કરી આપે. શ્રી નાથજીના દર્શનોની જેમ મન એ નિયમો પૂરા કરવામાં જોડાઈ જઈ એ જગદંબાની આસપાસ જ પ્રદિક્ષિણા કર્યા કરે. તન જોડાય એટલે કંઈક અંશે મન પણ જોડાય જ ને ! અને આખરે આપણું લક્ષ તો તે જ ને.

સવારે ૬ થી ૬.૩૦ પ્રભાતિયાં ગવાય. શાંત સુમધુર કંઠે રેલાંતાં તે પદો સુંદર વાતાવરણ નિર્માણ કરે. સ્વર્ગારોહણની ભૂમિ, શ્રી શ્રી માની ઉપસ્થિતિ અને શાંત મધુર પદોની પ્રભાતિયાના રાગોમાં વહેતી સરવાણી એક ત્રિવેણી સ્નાન તો લ્હાવો આપી જાય.

ધ્યાન, વંદના, પ્રણામ પછી સહુનું લક્ષ્ય પૂ.મા સાથેના પ્રણામમાં હોય. જીવનનો એક અનેરો લ્હાવો. શ્રી શ્રી માનું સમગ્ર અસ્તિત્વ પ્રભુ સાથે પ્રણામ સમયે જોડાઈ જાય. તેમનો પ્રત્યેક કોષ જાણે પ્રભુના શરણમાં નમી જાય. તન પ્રણમે મન પ્રાર્થે શરણાગતિની સરવાણી વહે ઘડી બે ઘડી તેમાં સ્નાન થાય.



આપણું મંગલાદર્શન તે જ ઘડીએ ધન્યતા પામી સમગ્ર દિવસની સકારાત્મકતા લઈને પુલકિત થઈ જાય.

દસ વાગ્યાની બેઠક બીજી બેઠક તેમાં પૂ.શ્રી મા પધારે એકાદ કલાક જપ માળા થાય પછી યોગેશ્વર કથામૃત અને આ વર્ષે શ્રી રાજુભાઈની નમ્રપ્રાર્થનાને અંતે પૂ.શ્રીના સ્વ હસ્તે રચાયેલી મા સર્વેશ્વરી એક પરિચય ગ્રંથનું પણ પારાયણ થાય.

તા.૦૫–૧૧–૨૦૧૭

આજે દસની બેઠકમાં સુકૃતિ બેન જાની પર પૂ.શ્રી માની દૃષ્ટિ પડે છે. બહેને આજે નિર્જળા કર્યો છે તે પોતાની વાત કરે છે. આગલી રાત્રે કાલે નિર્જળા છે એટલે બરાબર જમી લઈએ. પૂરો થાય ત્યારે તેની પૂર્ણાહુતિની તૈયારી કરી લઈએ. તો પૂ.મા તો કેટલા બધા નિર્જળા કરે આપણા જેવું થોડું કરે !

પૂ.શ્રીમા જણાવે છે કે નિર્જળાના દિવસે તો પૂ.શ્રી માને ખૂબ કામ કોઈ વિક્ષેપ જ નહીં. શરીર હળવું લાગે. ઘણીવાર બે નિર્જળા સાથે થાય ત્યારે ગળાથી નીચેનો ભાગ સૂકાવા માંડે અને કેટલીકવાર તેથી પણ વધારે થાય તો શરીર જાણે ઉડવા માંડે.

સર્વેશ્વરી એક પરિચયમાંથી. શરૂઆતનાં પૃષ્ઠ વંચાય છે. યોગેશ્વર કથામૃત પણ વંચાય છે.

બપોરની બેઠકમાં શ્રી તરલાબહેન પધારેલા છે. તેઓ શ્રી સર્વનું પરિણામ તો મૌન જ તેની વાત કરે છે. બે પુસ્તકનું વિમોચન થાય છે ત્યારે બે વિનમ્રતામાં કોણ ચઢે તેનું દર્શન થાય છે. 'પૂજા' અને 'સર્મપણ' બે કાવ્ય ગ્રંથો છે. તે કૃતિ પરિચય પ્રસ્તાવના વાંચી કરાવે છે. 'સુહાયે મસ્તકે ગંગા' એ સ્તુતિ ગુજરાતી સ્તુતિ કાવ્યોમાં શિરમોર કહી શકાય તેવું છે. તેના જેવું અદ્‌ભૂત, ભવ્ય, અનુપમ અને અનન્ય કાવ્ય સર્જી

કવિત્વને જાણે તેઓશ્રી એવરેસ્ટની ઊંચાઈએ પહોંચાડે છે. આખે આખું કાવ્ય અવતરણક્ષમતા ધરાવે એવું અપૂર્વ છે. સમર્પણ કાવ્ય સંગ્રહનું શ્રેષ્ઠ નજરાણું છે. શ્રી યોગેશ્વરની સંવેદનશીલતા તેમજ અભિવ્યક્તિનું સાયુજ્ય આમાં સધાયું છે. સર્મપણની આ રચનાએ યોગેશ્વરજીને વિશ્વના પ્રથમ પંક્તિના સર્જકોની હરોળમાં પ્રતિષ્ઠિત કરવા સક્ષમ છે. પૂ.શ્રી મા-તરલા બહેન તમે પૂ.શ્રીની હાજરીમાં આવ્યા હોત તો આવું સાંભળી તેમને કેટલો આનંદ થાત ! તા. ૦૬–૦૭ મૌન છે પૂ.શ્રીમા સ્લેટ લેતા નથી પણ યોગેશ્વર કથામૃત અને સર્વેશ્વરી એક પરિચયનું પ્રથમ બેઠકમાં વાંચન થાય છે.

બપોરની બેઠક મૌન સાધના થાય છે. રાત્રે જપ યાત્રા થાય છે. આજકાલ દર્શનની મોસમ છે. સવારે પ્રણામ દર્શન બે બેઠકમાં દર્શન રાત્રે જપ યાત્રામાં દર્શન સ્વર્ગારોહણના ભક્તોના નિવાસને જાણે સાર્થકતા અર્પે છે.

**તા.૦૮**

આજે મૌન નથી. આજે સ્લેટનું સુખ છે. માનો ૭૫મો જન્મ દિન છે તેમ માની રાજુકાકા નવરાત્રિ ઉજવી રહ્યા છે.

સાવિત્રિબહેન અમેરિકાથી માત્ર પર્વ માટે આવ્યા છે. મંગલાબહેન પુત્રવધૂઓ પુત્રી સાથે આવ્યા છે. મીરાંબહેન ક્ષિપ્રા-બહેન માયાબહેન કેનેડાથી રંજનબહેન શારદાબહેન સહુ આ પર્વ માટે આવ્યા છે આજે મહેન્દ્ર ભાઈ પણ આવી ગયા છે. તે સહુની મા નોંધ લે છે.

મંગળાબહેન હમણાં ૧ વર્ષ પહેલાં તેમની પર થયેલી માની અનન્ય કૃપા વર્ષાનું વર્ણન કરે છે. મા મૃત્યુના મુખમાંથી કેવી રીતે બચાવી લે છે, તેનું સવિસ્તર વર્ણન કરે છે. પૂ.શ્રીના



પ્રથમવાર દર્શન કેવી રીતે થયા, પોતે કેવી રીતે સેવા કરી તેની વાત કહે છે.

પૂજ્યશ્રી પોતાને ત્યાં પધારે છે, પોતાના પુત્ર હસમુખભાઈને પૂછે છે તમારા જપ હજુ ચાલે છે ? હસમુખભાઈ જપ કરતા હતા તે પરિવારને જાણ ન હતી પણ પૂ.શ્રી જાણી જાય છે તેમનું અંર્તયામી પણું સિદ્ધ થાય છે.

મંગળાબેનને કેન્સર થયું ડૉ. કહે અમે કાતર મૂકીએ અને પેશન્ટ ઉપર જતા રહે ! માને ફોન કર્યો પૂ.શ્રી માએ ૨૭ વર્ષનું આયુષ્ય આપ્યું. ૭ ગયા ૨૦ બાકી છે મારે જવું નથી મારે જીવવું છે. મારી ઈચ્છા કીમો થેરાપી લેવાની નહોતી તો તે પણ ના લેવી પડી અને વાળ ન જાય તેવી હતી તો વાળ પણ ના ગયા આ માની કૃપા છે. પૂ.શ્રી મા :– આ અમારાં લંડનના યજમાન છે કરોડપતિ છે. પણ શ્રદ્ધા અબજો પતિ જેવી છે. કેવી નમ્રતા ! કેવો પ્રેમ ! આ માતાએ એમના વિશાળ પરિવારમાં ૫૦-૬૦ સભ્યોમાં શ્રદ્ધા ભક્તિ વધારી. એક માતા કેટકેટલાને જગાડે ? સમગ્ર પરિવાર અખંડ શ્રદ્ધા ભક્તિ ધરાવે છે.

શ્રી શારદાબેન પણ આવ્યા છે તેમનો નિયમ છે કે ગમે ત્યાં હોય પણ દરરોજ ૧ કલાક પ્રભુનું પ્રવચન સાંભળવાનું આ ધરતી ઉપર કેવા કેવા શ્રદ્ધાળું સ્વજનો વસે છે તે જાણો ને પ્રકાશ પંથ પર પગલાં ભરો.

પૂ.શ્રીમા, પ્રભુ પોતાના ઘરે પ્રથમવાર કેવી રીતે પધાર્યા તેની નોંધ વંચાવે છે. કેવી રીતે નિરંજનાબહેનની રાહબરી નીચે આમંત્રણ અપાયું. કેવી રીતે પ્રભુએ સ્વીકાર્યું અને પ્રભુની પ્રતીક્ષામાં કેવા અવનવા ભાવો અનુભવ્યા, સ્વાગત માટે શું શું તૈયારી કરી. પ્રભુ આવ્યા ત્યારે શું થયું ? તેનું ખૂબ ઝીણવટ-

પૂર્વક, ભાવવાહી રસપ્રદ વર્ણન પૂ.શ્રીમાએ કર્યું છે. એક વાત ખૂબ સરસ કહી પ્રભુને ઘરમાં તો પધરાવ્યા પણ જીવનમાં પણ પધરાવવાના છે અને તે તેઓશ્રીએ કરી બતાવ્યું. અનન્ય પ્રેમ અને શ્રદ્ધાથી જાણે એ જંગ જીતાઈ ગયો. પ્રભુને પધારવા કંઈ સહેલા છે ! શ્રી યોગેશ્વર કથામૃતમાંથી આજે શક્તિપાત વિષેના પ્રશ્નોની પ્રભુ સરસ સમજ આપે છે તે નોંધ પણ વંચાવી. હસતા ચહેરા, પ્રસન્નતા, સત્કર્મ પરાયણતા, સ્વસ્થતા, પ્રભુ પરાયણતા આ બધું હોય તો શક્તિના અધિષ્ઠાતા પ્રભુની પાસે પહોંચી શકાય. તો બધી જ શક્તિ તમારા આંગણે આવી જાય. શક્તિપાત શબ્દ જ બરાબર નથી. શક્તિનો પાત થતો જ નથી. શક્તિ વારસો છે જ પણ સંકલ્પથી તે કેન્દ્રમાંથી ઉઘાડે તો તે શક્તિનો પાત નહીં પણ શક્તિનું પ્રાગટ્ય થાય. પોતાના પ્રયત્નોથી તે શક્તિનો વિકાસ થાય. ભલે મોડી વિકસે પછી તે આપણા વ્યક્તિત્વમાં ભળી જશે.

**મૌન મંદિર વિષે**

મનનું જ્યાં મૌન થાય ત્યાં મૌન મંદિર.

મનને શાંત કરો. જો તે ઘરમાં થઈ જાય તો ઘર જ મૌન મંદિર.

જો તે કામ કરતા શાંત થાય તો કામ જ મૌન મંદિર

જો તે સંતો પાસે શાંત થાય તો સંત જ મૌન મંદિર.

તા.૮-૯-૧૦ પૂ.શ્રી માને મૌન છે.

૯ નવેમ્બર પૂ.શ્રીમાનો મહાભિનિષ્ક્રમણ દિવસ. પૂ.શ્રીની માંદગીના લીલા પ્રસંગે પૂ.શ્રી માએ ગૃહત્યાગ કર્યો પછી કદી પાછા ના વળ્યા. સવારની બેઠક મૌન છે. બપોરની બેઠકમાં



પૂ.શ્રી માને તે દિનની જાણ કરતાં પૂ.શ્રીમા સર્વેશ્વરી પરિચય ગ્રંથ સાથે પધારે છે. નિલેશભાઈ તે પૂર્વે 'હું તો આવી ઊભી તારે દ્વાર' ઝૂકાવ્યું જીવન મારું રે પદો ગાય છે પૂ.શ્રીમા તે દિવસની નોંધ વંચાવે છે મોરબી માટે બે દિવસની તૈયારી સાથે ગયેલાં મા જીવનભર ઘરમાંથી સહજ રીતે નીકળી આ પ્રભુના પંથે વસી ગયા. બુદ્ધે તો જ્ઞાન પ્રાપ્ત કરવા કર્યું. શ્રી શ્રી માએ આપણા સહુ માટે કર્યું એક કેડી કંડારી.

૮-૯-૧૦ સર્વેશ્વરી એક પરિચયનું વાંચન પંડિતજીએ ખૂબ રસપ્રદ રીતે કર્યું વાંચનનું શ્રવણ જાણે રસપાન બની ગયું.

તા.૧૧ થી ત્રણ દિવસ માટે જન્મોત્સવ પર્વ વિધિવત શરૂ થયું. ઘણા બધા સાધકો ત્રણ દિવસતા પર્વ માટે આવી ગયા. લાઈટો, તોરણો, સુશોભન તો પાંચ તારીખથી જ હતું. પણ આજથી વિશેષ શરૂ થયું.

આજે પૂ.શ્રી મા પોતાના ૩૬મા જન્મદિવસની વાત કરે છે. ત્યારે નહોતા કોઈએ તોરણ બાંધ્યા નહોતા કોઈએ શંખ વગાડ્યા. પૂ.શ્રી હોસ્પિટલમાં હતા. ૨૦ દિવસ સુધી માત્ર આખા દિવસમાં ૧ લસ્સીનો ગ્લાસ પીને જ રહ્યા. ન ત્યારે કોઈએ કવરો આપ્યા કે ભેટ સોગદો. શ્રી કલ્યાણજી પૂ.શ્રીમાના સર્મપણની વાતો કરે છે. હૃદય આર્દ્ર બની જાય તે સમયની તે વાતો સાંભળીને પછી ખૂબ ભારપૂર્વક સમજાવે છે કે આ ચરણો જ આપણું સાચું શરણ છે તે છોડી ક્યાંય જવાની જરૂર નથી.

૧૧મીએ બપોરની બેઠકમાં પણ ધૂન ભજન અને શ્રી શ્રી માનું દર્શન છે. સર્વેશ્વરી એક પરિચયનું વાંચન છે.

રાત્રે યુવા વર્ગ બંને હૉલને નવા સ્વરૂપે શણગારવા સજ્જ થયો છે. બહેન દર્શના ખૂબ સરસ રંગોળી પૂરે છે. બંને હૉલ

સરસ સ્વરૂપ ધારણ કરે છે ઉત્સવનો માહોલ સર્વત્ર દેખાય છે. પૂ.શ્રી માએ પ્રસંગે પ્રસંગે આપેલા સુવાક્યોના બેનરથી સ્વર્ગારોહણ મુખ્યદ્વારથી કુટિયા સુધી સુશોભિત છે. વાક્યોની પસંદગી ખૂબ સરસ અને ચોટદાર છે. જેને જીવનને વળાંક આપવો હોય તો ''સિર્ફ ઈતના હી કાફી હૈ'' એવું છે. દા.ત. યુવા વર્ગને મા કહે છે. પ્રભુને તમારી ખુરશી પર બેસાડી દઈ તમે સામેની ખુરશી પર બેસી જાવ. જાણે બધી જ મથામણોનો સહજ ઉપાય.

તા.૧૨—૧૧—૨૦૧૭. આજનું સૂત્ર સંચાલન બેન દિશા સરસ રીતે કરે છે.

નિત્યક્રમ પછી ૧૦ થી ૧૦—૩૦ જપની બેઠક છે. શ્રી શ્રી મા પધારે છે મંત્ર પુષ્પે તને વધાવું રે નીલેશભાઈ તેમના બુલંદ સ્વરથી ગાય છે. રથી શ્લોક બોલે છે. પૂ.શ્રી મા રથીને મંત્ર પુષ્પે તને વધાવું પદનો અર્થ સમજાવવાનું કહે છે.

માઃ— રથીને પહેલાં સમજાવેલું કે દર કલાકે ૩ મંત્રગાન કરીએ તો ૧. ભૂતકાળમાં થયેલી ભૂલોની ક્ષમા માંગીએ. ૨. બીજા મંત્રે વર્તમાનમાં થયેલી ભૂલોની ક્ષમા માંગીએ. ૩. ત્રીજા મંત્રગાને ભવિષ્યમાં થનારી ભૂલોની ક્ષમા માંગીએ તે વાતને યાદ કરે છે.

માઃ— મંત્રની સતત સંન્નિધિથી આ ભાવ જગતનું સઘળું પ્રભુમય તે રીતે સઘળું મંત્રમય. ભાઈ શ્રી નિત્ય ત્રણ વાર્તા કહે છે.

ત્યાર પછી જ્યોત્સ્નાબહેન વાર્તાલાપ આપે છે. તે અન્યત્ર છે.

શ્રી નારાયણભાઈ જાની હૉલમાં નાદુરસ્ત તબિયતે અશક્ત શરીરે પધારે છે. માત્ર પૂ.માના સંકલ્પથી જ પોતે આવી શક્યા છે તેની વાત કરે છે.



(શ્રી તરલાબેન **'હિમાલયના પત્રો'**. પુસ્તકનું તેમની પાસે વિમોચન કરાવે છે.

બહેન શુધ્ધા પણ ખૂબ સરસ સરસ્વતી વંદના નૃત્ય કર્યું.

પૂ.મા :—આજની સંગીત યાત્રા સરસ રહી સૌને અભિનંદન. નાનકડા શુદ્ધા, નિત્ય, સત્યમ પણ સરસ રીતે વાત રજૂ કરી શક્યા. તો પુણ્યાબહેને તો બાળ સરોજનો અભિનય કર્યો જ હતો. એ દીકરીએ પણ સરસ વાત કરી. જ્યોત્સ્ના- બહેને પણ શુભ દર્શન કરાવ્યું સૌને અભિનંદન. સંગીત યાત્રા પછી, પૂ.શ્રીમા પંડિતજીને સર્વેશ્વરી એક પરિચયમાંથી બે પ્રસંગનું વાંચન કરવાનું કહે છે. ૧૯૮૪ પછી તુરંત પંડિતજીએ પોતાના અક્ષરમાં એ આખો ગ્રંથ લખ્યો છે ત્યારે ઝેરોક્ષ કે Scanનો જમાનો નહોતો. પંડિતજી દરરોજ શ્રી જીતુભાઈને ત્યાં જઈને લેખન કરતા. પૂ.મા કહે છે પંડિતજીને તો ગ્રંથ મોઢે હોવો જોઈએ.

આ ગ્રંથમાં પૂ.શ્રીએ પોતાની અનુભૂતિઓ લખી છે પણ સાધકોની અનુભૂતિ પણ લખી છે. વાંચન પૂર્વે પંડિતજી મુક્ત મને પૂ.શ્રી માની વાણી આરાધના કરે છે. પછી એક સાધક ભાઈનો અનુભવ વંચાય છે જેમાં તેમને પૂ.શ્રીમાં શંકર ભગવાન અને પૂ.શ્રી મામાં પાર્વતીજીના દર્શન થાય છે.

આજે ગરબા વિના કાર્યક્રમ અધૂરો ગણાય એટલે વસંત વાટિકાની સિંહણો ખૂબ સરસ ગરબો કરે છે. એને once more પણ મળે છે. પૂ.શ્રી મા ખૂબ પ્રસન્ન થાય છે.

બહેન દિશા અને યુવાનો સુંદર સ્વાગત ગીત શરૂઆતમાં જ રજૂ કરે છે.

**"માને વંદન કરે સહુ બાળ**
**માના પ્રાગટ્ય દિને હરખાય સહુબાળ."**

સમગ્ર કાર્યક્રમનું સંચાલન બહેન દિશાએ ખૂબ સરસ રીતે કર્યું. ગાયક, કલાકાર અને સંચાલક એ ત્રણે અભિનય તેણે સરસ રીતે પાર પાડ્યો. ધન્યવાદ.

સમગ્ર દિન કાર્યક્રમમાં વ્યસ્ત ગયો. મા પણ બાળકોમય બની ગયા હતા એટલે આટલી વ્યસ્તતા પછી પણ જપયાત્રાનું આયોજન થાય છે. સહુ ચાલવાનો વ્યાયામ દર્શનનો લ્હાવો માણી લે છે. રાત્રિનું શયન પૂર્વેનું દર્શન પામી સહુ ધન્યતા અનુભવે છે.

**તા.૧૩–૧૨–૨૦૧૭**

સવારે નિત્ય કાર્યક્રમ પછી ૧૦–૧૫ બેઠક શરૂ થાય છે. શ્રી સાવિત્રીજી, ઈન્દુમતીજી, સુધાકરભાઈ, મનોજભાઈ પૂ.શ્રીમાના ૭૫મા જન્મદિવસ માટે ખાસ હરિદ્વારથી આવ્યા છે. તેઓ શ્રી ગંગાજળ લઈને આવ્યા છે. ભાઈ રથી અને ભાઈ અમન પાસે હૉલમાં સહુ પર ગંગાજળનો છંટકાવ કરાવે છે જાણે ગંગામાં પરોક્ષ હાજરી આપી રહ્યા છે એવો ભાવ થાય છે એ તો પધારે જ ને માનો જન્મ દિવસ છે.

આજે બહેન સુકૃતિ, બેન પુષ્ટિ શાહ (વાસદ) રથી પોતાના વકતવ્યો રજૂ કરે છે. રથીનું વકતવ્ય સાંભળી પૂ.મા કહે છે. "પુત્રના લક્ષણ પારણામાં એ સૂત્ર રથી માટે જાણે સાચું લાગે." શ્રી તરલાબહેન પૂ.શ્રીમાના જીવનનું અને તેની દિવ્યતાનું વિશ્લેષણ કરતાં પોતાનું લગભગ એક કલાક વકતવ્ય રજૂ કરે છે. (જે અન્યત્ર છે.)



ત્યાર બાદ તરલાબહેન પાસે પૂ.શ્રીમા ગ્રંથ વિમોચન કરાવે છે. શ્રી નારાયણભાઈ જાની **હિમાલયના પત્રો**નું વિમોચન કરી તે કેવી રીતે ગ્રંથ તરીકે પ્રાપ્ત થયા તેની વાત કરે છે.

નારાયણભાઈ કહે છે કે શરૂઆતના લગ્ન જીવન પછી તેમના પત્ની તેમનાથી દસ વર્ષ દૂર રહ્યા. એક દિવસ ૧૯૬૫માં પૂ.શ્રીએ પત્રો વિષે જમતાં જમતાં પૂછ્યું ત્યારે સરસ્વતીબહેને કહ્યું મારી પાસે બધા જ પત્રો સાચવેલા છે. નારાયણભાઈ પૂ.શ્રીના પત્રો વાંચી પછી પત્નીને ગામ મોકલતા ને પૂ.શ્રી પ્રત્યેના અનન્ય શ્રદ્ધા ભક્તિ ભર્યા પ્રેમને કારણે ઘરેણાની જેમ સચવાઈ રહેલા.

રાત્રે ભાઈ સત્યમ્ વિવેકાનંદ અને રામકૃષ્ણદેવ વચ્ચેનો સંવાદ ઈંગ્લીશમાં સરસ રીતે રજૂ કરે છે. બહેન પુણ્યા મા વિષે બોલે છે. ખૂબ સરસ ભાવો રજૂ કરે છે. બહેન પૂજા સરોજથી સર્વેશ્વરીની દિવ્ય યાત્રા સંગીત સંધ્યા રૂપે રજૂ કરે છે. જેમાં પૂર્ણિમાબહેન, દિશા, સુકૃતિ અને નીલેશભાઈનો કંઠ પ્રાણ પૂરે છે. લેખક તો લખે પણ તેને જીવંત તો ગાયક જ બનાવી શકે. સમગ્ર કાર્યક્રમ ખૂબ સરસ જાય છે.

શ્રી તરલાબહેન **'રામનું હૃદય'** નાટકના ગ્રંથનું સવિસ્તર રસપાન કરાવે છે.

પૂ.માઃ–હેમલની ભારે પરિશ્રમ ભરી સેવાથી છેલ્લી પાંચ વર્ષમાં ૧૦ ગ્રંથો પ્રકાશિત થયા છે. પૂ.શ્રીના અપ્રગટ સાહિત્યનો હવે માત્ર ૫% ભાગ બાકી છે. તેનું કાર્ય શ્રી તરલાબહેન સરસ રીતે સંકલિત કરી શકશે એવી આશા છે.

પૂ.શ્રીમાઃ–તમે બધા દૂર દૂરથી અહીં સ્વર્ગારોહણ પધાર્યા છો તો માને આશીર્વાદ આપતા જજો.

અમે સાંજે ચારની બેઠકમાં તમારા સહુની પાસે આવીશું જેટલા આશીર્વાદ અને જેટલી શુભેચ્છા આપવી હોય તે આપીને પછી જ ઘરે જજો. કર્પૂરવનમાં નાના હતા ત્યારે એક કાવડિયો આવતો હતો. આપણે તેને લોટ આપવાનો એ આપણને સાકરિયા દાણા આપે. તેમ અમે પણ તમારી પાસે આવીને ગાઈશું. "આપો માઈ, બાલ બચ્ચાં સુખી રહે." તમે શુભેચ્છાનો લોટ આપશો તો અમે સાકરિયા દાણા આપીશું.

ત્યાર પછી શ્રી ગંગાજીનું વિડિયો દર્શન થાય છે. D.V.D દર્શન પછી શ્રી તરલાબહેન કહે મા મૌન એકાંતની પેલી નીચેની ઓરડીમાં અંકે D.V.D ચાલુ રાખો. અમે ત્યાં બેસીને ધ્યાન મગ્ન બની જઈશું.

બપોરે ૪ વાગ્યાની બેઠકમાં નાટક અને બીજલ બેનની સંગીત યાત્રા રજૂ થાય છે.

આજે વિશેષ દિને અવનિ અને આકાશે પણ મા પ્રભુને એક વિશેષ બોક્સ અર્પણ કર્યું છે બાળકો માને વિનંતિ કરે છે ખોલો મા કહે છે તમે જ ખોલો તમારે જ ખોલી સૌને બતાવવું પડે. પછી મા જોશે.

એ બોક્સમાં માના જુદા જુદા સુંદર સ્વરૂપો હતા. મા તેમની પ્રેમપૂર્ણ શ્રદ્ધા ભક્તિથી પ્રસન્ન થાય છે.

માઃ—યુવાન હૈયાના આ ગ્રુપમાં વડીલોએ પ્રવેશવું એ લોઢાના ચણા ચાવવા જેવું છે.

આ બાળકોને આવો સરસ કાર્ડ બનાવવાનો વિચાર આવ્યો.

એમની શ્રદ્ધા ભક્તિ અને એમના હૈયે કોણ છે તેનો ખ્યાલ આવશે.



બાળકો સહુ ભક્તોના જુદા જુદા પ્રશ્ન મા પાસે રજૂ થતા પ્રશ્નો અને પૂ.શ્રી માએ તેના આપેલા સમાધાનો ખૂબ સરસ રીતે રજૂ કર્યાં. સ્વર્ગારોહણ આવેલા બધા બાળકોનો સમાવેશ તે તે નાટકની ખાસ વિશેષતા હતી. પ્રિયંકાબહેન, દર્શનાબહેન, મયૂરીબહેન, નિલેશભાઈ, રાજીવભાઈનો પરિશ્રમ બાળકોએ સુંદર રીતે દીપાવ્યો. બહેન પૂજા (અંબાજી) તેણે પૂ.શ્રી માનો આબેહૂબ અભિનય કરી સૌનાં મન જીતી લીધાં including Maa ભાઈ મહર્ષિ પણ પોતાના ભાવો સરસ રીતે રજૂ કરે છે. યુવાન હૃદય કેવું વિચારે છે પૂ.માનું કેવું આકર્ષણ અનુભવે છે તે પ્રતિબિંબ તેના વાર્તાલાપમાં જિલાય છે.

પૂ.શ્રી માઃ—મા તમારી પાસે આજના વિશેષ દિને ભિક્ષા માંગતા પહેલાં એક વાત યાદ કરાવે છે તમે સૌ અમારી પાસે તમારી વાતો કરવા આવતા રહો છો અમે બનતા પ્રયત્નો તમને સાંભળવાના કર્યા છે છતાં અમારા કોઈક વાર જરા કઠોર કડક શબ્દોથી તમને કોઈ ઠેસ લાગી હોય તો માના શબ્દ ક્ષમા કરજો.

મા જાણે બાળકોમાં પણ ઓગળી ગયાં છે. પ્રભુમાં દ્રવીભૂત થયેલા મા જાણે સહુના પ્રેમમાં પ્રવાહિત થઈ વહી રહ્યા છે.

સૂર ગંગાના શીલ્પી નાટક ખૂબ સરસ ગયું પણ માને તે ક્ષણો જોવી જરા અઘરી પડી.

બહેન બીજલ અને જયુબહેનના સંયુક્ત પ્રયાસથી થયેલી સંગીત યાત્રા પણ ખૂબ સરસ રહી ગાયકો ગઈકાલના જ હતા.

હવે પૂ.મા સહુને તેમની જગ્યાએ જઈ ઉપસ્થિત ૪૦૦ થી વધુ સાધકોને ડ્રાયફ્રૂટ તેમજ લક્ષ્મીનો પ્રસાદ આપે છે. દર્શન સુખ, કૃપાનું વર્ષણ, પ્રસાદનું સુખ જાણે એક પ્રાસાદિકતા અર્પે છે.

પૂ.માઃ—તમે સૌએ ખૂબ પ્રેમ વરસાવ્યો. પ્રભુ અમને એ પ્રેમને લાયક બનાવે એવી પ્રાર્થના.

આપણી પ્રાર્થના જાણે પૂ.શ્રીમાએ કરી લીધી. આ નવરાત્રિ ખરેખર ખૂબ સરસ રહી તેનો જાણે કેફ ચડ્યો. મીરાંની જેમ કહેવું પડે ''રોજ પીધો અમલ થોડો થોડો'' હજી આજ લગી ઉતર્યો નથી. પૂ.મા તમે સૌ દૂર દૂરથી પૂ.માને માટે જ આવ્યા છો તો રહી જજો પ્રેમથી.

આવતી કાલે મૌન એકાંતનો એક દિવસ માણીને ઘરે જજો. તારીખ ૫ થી ૧૩ સુધી ખૂબ સરસ રીતે પર્વ ચાલ્યું. મૌનના વિશેષ દિવસે નાનકડા બાળકો પણ ડાહ્યા થઈને મૌન રહીને જરાપણ તોફાન કરતા ન હતા.

ખૂબ શાંતિથી સૌ મૌનને વધાવતાં રહ્યાં. માણતા રહ્યા.

તમે સૌ ઘરના છો એટલે મા આભાર તો નથી માનતા, પણ ઘરના માન્યા છો તો વારે વારે મળતા રહેજો. આ સમાજ પૂનમ ભરવાનો નિયમ લે છે. તમે સૌ અમારા સ્વર્ગારોહણમાં ભરવાનો નિયમ લઈ શકો. અહીં તમે સૌએ હાજરી આપીને જાણે અમને જાગતા કર્યાં. તમારા સૌના પ્રેમભાવ સામે પ્રભુને એક જ પ્રાર્થના.

**''પ્રભુ તમને હસતાં રાખીને શ્રી ચરણોમાં રમતા રાખે.''**

ફરી ફરી મા તમારા પ્રેમને મસ્તકે ચઢાવી લે છે.

પૂ. સુશીલામાસીએ પૂ. માને આપેલા આશીષ સાથે વિરમીએ. **''યુગો સુધી આપનું તેજ તપો.''**



અમે સહુ બાળકો રડતા હૃદયે પૂ.માના સ્વસ્થ નિરોગી દીર્ઘાયુષ્યની પ્રાર્થના કરીએ છીએ. બીજું શું કરીએ.

**''દઈદે વચન માડી સંગમાં રમીએ આવતી સો સો વસંત રે.''**

બહેન કૃપાએ સમગ્ર દિવસના કાર્યક્રમનું સંચાલન ખૂબ સફળતાથી કર્યું જાણે તેના વ્યવસાયને શોભાવે તેવું હતું.

જય કૃપાળુ મા.

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

**વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩**
**હાશ®**
**મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી**
**★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★**
ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ—૩૬૦૦૦૨**

# દેવોના દેવ મહાદેવ
# માનવોના મહામાનવ મા સર્વેશ્વરી

**–જ્યોત્સ્નાબહેન ત્રિવેદી**

**સર્વેશ્વરી જગદીશ્વરી હે માતૃરૂપ મહેશ્વરી ।** અનેક નામો અને સંબોધનો જેને ના સમાવી શકે તે જ દેવોના દેવ મહાદેવ તેમાં મહાદેવજી મુખ્યત્વે તેમની તપસ્યા માટે જ જાણીતા આપણા માએ તો તપસ્યાના બધા જ રેકોર્ડ બ્રેક કર્યા છે. અને દેવી સ્વરૂપે જાણે સર્વ રૂપો ધારણ કર્યા છે.

**લખે ત્યારે મા સરસ્વતી,**
**અર્થે ત્યારે મા મહાલક્ષ્મી,**
**તપે ત્યારે મા પાર્વતી,**
**એ જ મા ભગવતી.**

શિવજી ત્રિકાળદર્શી ત્રિકાળ જ્ઞાની છે. પૂ.શ્રી મા જોજનો દૂર જ નહીં કદાચ ત્રણે લોકનું સાંભળી શકે છે. ત્રણે લોકનું જોઈ શકે છે સુંઘી શકે. ૩૨૦૦ કી.મી. દૂરથી પણ તેમને લસણની વાસ આવી શકે. તેના અનેક સાક્ષીઓ છે. અનેક સાધકોના જીવનમાં ઘટનારી ઘટનાઓનું તેમણે સહજમાં નિદર્શન કર્યું છે. અવિદ્યાને કારણે આપણે તે જાણી કે સમજી ન શકીએ પણ જ્યારે વાસ્તવિકતા સામે આવે ત્યારે આપણને સહજ સમજાય છે કે આ વાત આપણને પૂ.માએ ઘણા સમય પહેલાં કહેલી.



જે ગંગાની આરતીનો ઘંટનાદ સાંભળી શકે દેવ વાણી સાંભળી શકે અને સહજ રૂપે કંઈ જ ન બન્યું હોય તેમ વર્ણવી શકે તે મા સર્વેશ્વરી.

પથારીમાંથી ઉઠતાંની સાથે પ્રાર્થના કરવાનું શીખેલા પણ પ્રભુનો આભાર માનતા નહોતા શીખ્યા. મને હાર્ટ એટેક આવ્યા પછી કોઈએ પૂછ્યું કેમ છો ? મેં કહ્યું છીએ એ જ બહુ મોટી વાત છે. ત્યારે પૂ.માએ જે શીખવ્યું કે સૂતેલા સૂતા ના રહી ગયા પણ જાગ્યા અને પ્રભુએ જગાડ્યા તે બહુ મોટી વાત, માટે આભાર.

જીવનની દરેક ક્રિયામાં પ્રાર્થના કરવાનું શીખવ્યું એટલું જ નહીં પણ પ્રત્યેક દિનચર્યા માટે પ્રાર્થના પણ લખી આપી. એમની અપાર કરુણા તો જુઓ ! બાળકો કંઈ ખોટું માંગી ના બેસે શબ્દ તો બ્રહ્મ છે. માટે પ્રાર્થનાઓ લખી.

"આજની જિંદગી સોપું શિર છત્ર ધરો પ્રભુ." ત્યારથી સ્નાન, સાધના, ભોજન, સૂવું પ્રત્યેક ક્રિયામાં એમણે પ્રભુને વણી લેતાં શીખવ્યું આપણે તો ક્રિયાનો આરંભ ને સમાપન શાનાથી કરવા તે પ્રશ્ન જ નહીં. આપણા મંત્રગાન જ કેવી સરસ રીતે મંગલ શરૂઆત અને પૂર્ણાહુતિ કરી આપે ! અરે હમણાં આ પર્વ માટે ૧૮૦ પ્રદક્ષિણાનો નિયમ આપ્યો પણ તેની સાથે કેવી સરસ પ્રાર્થના આપી. (રાગ લીલામૃત) ભલે રચાણી જુલાઈમાં પણ સહુએ પ્રદક્ષિણા કરતાં પ્રેમથી કરી.

**સ્વીકારી વંદન આશીષ અમને આપજો,**
**પ્રદક્ષિણાના પગલે પગલે પધારજો,**

**કામ ક્રોધને ક્લેશ અમારા કાપજો,**
**ચઢ ઉતરમાં આંગળી પકડી દોરજો,**
**પાસે રહેજો, સાથે અમને રાખજો,**
**સંસારેથી પગલાં પાછા વળાવજો.**
**ચિંતા ભયથી અમને આવી ઉગારજો,**
**સુકાની બનીને ભવથી પાર ઉતારજો,**
**પોતાના જાણીને અંકે રમાડજો,**
**સર્વેશ્વરીના સખાનું રૂપ દીપાવજો.**

આપણે જેને ભગવાન માનીએ તે જ આપણા માટે પ્રાર્થના લખે એવું કાંઈ વેદ પુરાણ ઈતિહાસમાં જોયું છે ?

શ્રી હરિની શબ્દયાત્રા. આપણા માટે વેદ પુરાણ ઉપનિષદ જે કહીએ. શ્રી શ્રી માનું મનોગત. આપણી સામે નિઃશબ્દ બેઠેલા માનું ચિંતન જીવન કેટલું ઊંચું છે ! સાધનાની પરીક્ષા સંસારમાં જ છે તે શબ્દ યાત્રામાં સર્વના વ્યવહારિક ઉકેલ છે. પ્રભુ તો એકાંતમાં જ પ્રગટે. મા તો સામે ચાલીને પ્રગટે માટે મા તો મહાદેવ.

**गुणाः पूजा स्थानम् गुणिषु न च वयः न च लिंगः ।**

ગુણો જ માણસ માનવ છે દાનવ છે કે દેવ છે તે નક્કી કરે છે. જીવનની દરેક પ્રક્રિયામાં માનું વર્ણન મુઠી ઊંચેરા માનવી જેવું જ હોય. આકાશના તારા જેવા ગણ્યા ગણાય નહીં વીણ્યા વિણાય નહીં તોયે મારા ટોપલીમાં માય નહીં. એટલા બધાં સત્કર્મો ભાર વિહોણા. અન્ત વસ્ત્રના દાન તો સહુ આપે પણ પૂ.મા એ તો ઓટલાના પણ દાન આપ્યા છે કાનોકાન કોઈને



ખબર પણ નથી પડવા દીધી.

શ્રી શ્રી મા શ્રેષ્ઠ કવિયત્રી હરિ રસની હેલી એનાં પહેલાંના કાવ્યો અને પછીના કદાચ આ રચનાઓની ગુણવત્તા અને સંખ્યા. બંને માને વિશ્વના સાહિત્ય સર્જનમાં આગવું અને અવ્વલ સ્થાન અપાવે છે.

**कलावंत देह रुप धारी**

પ્રત્યેક જાણીતી અને અજાણી બધી જ કલાના મા શ્રેષ્ઠ નિરીક્ષક પરીક્ષક છે, એટલું જ નહીં પણ તેને માન આપનારા અને કંઈક મહદ્અંશે પૂજનારા, માણનારા જાણે ઈશ્વરનું रसो वै सः એ સ્વરૂપ વ્યક્તિત્વના પ્રત્યેક અણુ પરમાણું વહેતું દેખાય તે જ તેમને મહામાનવની કક્ષામાં મૂકે.

પૂ.શ્રી માની ભૃગુસંહિતા તે જાણે માનાં પદો. તેમણે પદોમાં કરેલી પ્રાર્થનાઓ આપણને હાલના જીવનમાં ચરિતાર્થ થતી દેખાય. નિરંતર નામ જપાવજે નાથ. પૂ.શ્રીએ શાંતાશ્રમમાં રહીને જે જે પ્રાર્થના કરેલી ભવિષ્યમાં બધી જ સાચી પડેલી.

પૂ.શ્રી માએ આપણા રોજિંદા જીવનનું વ્યાકરણ છે. વ્યાકરણ ભાષાની શુદ્ધિ કરે મા આપણા જીવનની શુદ્ધિ કરે. ઉઠવું, બેસવું, ચાલવું બધામાં જ માને એક નજાકતની અપેક્ષા રહે. પગ પછાડીને ચાલનારને મા ટોકે જ. ધરતીમાને આપણા પગથી વ્હાલની અપેક્ષા છે લાતની નહીં.

જન્મ દિવસે બનાવેલા બેનરમાં માના અદ્ભૂત ગુણોનો પુષ્પહાર બનાવવામાં આવેલો. કદાચ એવા હજારો હાર પણ માના ગુણોને ના વર્ણવી શકે, પ્રયાસ ખૂબ સરસ હતો.

બાળકોના મા એ એક અનોખો વિષય છે. જે બાળ સહજ બની શકે તે જ બાળકો સાથે રમી પણ શકે ને કદીક એ રમત જોતાં વિમાસણમાં પડી જવાય કે આમાં મોટું કોણ ! કોણ કોને આનંદ આપે છે ? તેના માત્ર પ્રેક્ષક બનવું તે જ લ્હાવો અને આવું વ્હાલ દેવોના દેવ જ કરી શકે. કોઈ માનવીનું શું ગજું ?

જેવી સહજ અને સરળ માની જીવન શૈલી તેવી જ માની ભાષા શૈલી છે. ખૂબ ઓછું ભણેલા માણસો પણ સહજતાથી સમજી શકે છતાં તેની ભાવાત્મકતા ને સ્તર જરાપણ નીચું નહીં! એક level વાળી, ચિત્રાત્મક શૈલી આબેહૂબ આપણી નજર સામે એક ચિત્ર ખડું થઈ જાય વ્યક્તિ હોય સ્થળ હોય વસ્તુ હોય કે પ્રકૃતિ હોય જે જે સંસ્પર્શ પામે તે જાણે જીવંત થઈ જાય.

સ્વર્ગારોહણ પણ જાણે તેમની કૃપાથી જ અવાય નહીંતર આપણને કેટલા બધાં દોરડા સંસારમાં ખેંચે.

મા એટલે મા એમની તોલે બીજું કંઈ જ ન આવે. આ અમૃત મહોત્સવના વર્ષે એ જ પ્રાર્થના આપને ગમતું સાધનાત્મક જીવન જીવાય. અમારા થકી આપને કંઈ જ દુઃખ ન થાય એવી આપની પાસે શુભાશીષની યાચના !

અમ વચ્ચે રહેજો સુંદર એવા સદાય સ્મિત રેલાવતાં.

ભાવમય અને ભાવનાત્મક જીવન હોવા છતાં પૂ.શ્રી માનો ભાવ પર ખૂબ સંયમ છે. જાહેરમાં આપણે પૂ.શ્રી માને ક્યારેય ભાવાતીત દશામાં નથી જોયાં. એક સુપ્રસિદ્ધ સ્ત્રી સંતના દર્શને જવાની પૂ.શ્રી માએ ઈચ્છા પ્રગટ કરી ત્યારે પૂ.શ્રીએ કહ્યું. ‘‘તમારી અવસ્થા એમના કરતાં પણ ઊંચી છે.’’



‘‘શ્રી ચરણો છે સર્વ દુઃખ નિવારક’’ એ ચરણોમાં જ લપેટાયેલા રહીએ એથી વિશેષ જીવનમાં કંઈજ ના જોઈએ. પૂ.શ્રી માના જ શબ્દોમાં કહીએ તો મકોડાની જેમ ચોટીએ, પણ વખૂટીએ નહીં. ઘણા વર્ષો પહેલાં સર્વશાસ્ત્રોના સારરૂપ પૂ.શ્રી માએ એક સૂત્ર આપેલું.

**ચોંટ રે મન ચોંટ**
**શ્રી ચરણોમાં ચોંટ**
**તને નહી પડે કોઈ ખોટ**
**હવે બનીશ નહીં તું ભોટ.**

પણ એ ચોંટડા પણ આપે જ રાખવા પડે મા ! અમે ચોંટીએ તો વખૂટી જઈએ. માટે આપ જ અમારી આંગળી પકડજો.

મા આપણને પ્રભુ સાથે ઝગડો કરવાનું પણ શીખવે. સાત્ત્વિક ભક્તની ધમકી પણ પ્રભુ સાંભળી લે છે.

આપના પ્રેમમાં નિમગ્ન રહી આપનું આ અમૃત મહોત્સવનું વર્ષ ઉજવીએ એ જ આપના શ્રીચરણે પ્રાર્થના.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# બાળકોના પૂજ્ય મા પ્રત્યેના પ્રતિભાવો

(એ વાત સાચી છે કે બાળકોને પૂ.માની આધ્યાત્મિક ઉચ્ચતાની સમજ કે ખબર ના હોય છતા પૂજ્ય માનો પ્રેમમય વ્યવહાર અને પૂ.મા દ્વારા બાળકોમાં આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન થઈ રહ્યું છે તેનો પ્રભાવ તેમની પોતાની સમજ પ્રમાણે બાળ સાધકોએ દર્શાવ્યો છે. આપણે જાણતા નથી કે આ ભાવો વડીલો દ્વારા પૂજ્ય મા પ્રત્યે વ્યક્ત કરેલા હોય અને તે બાળકો દ્વારા સહજ રીતે ફરી વ્યક્ત થયા હોય પરંતુ તેની અસર તેમના જીવન પર થયા વગર રહેવાની નથી. તેનું પરિણામ તેમના ભાવિ જીવનના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવશે.

**–તંત્રી)**

(૧)

**–સુકૃતિ જાની,**

મારો આજનો વિષય છે 'નવરાત્રિ પર્વ દરમ્યાના લીધેલા નિયમો અને તેનું મહત્ત્વ.'

પ્રભુએ પોતાના પ્રવચનમાં નોંધ્યું છે કે, 'અધ્યાત્મ માર્ગના સાધકો માટે વૈરાગ્ય અને અભ્યાસ ખૂબ જ જરૂરી છે.' તે આપણે જ્ઞાનામૃત દ્વારા, પ્રભુના પુસ્તકો દ્વારા, DVD દ્વારા મેળવી રહ્યા છીએ. પણ સાંભળવા અને કરવામાં ઘણો મોટો તફાવત છે. I repeat this sentence in english that there is a vast difference between listening and implementation of good practices.

For example when learning chemistry the



professor gives us theoritical formulas but we can't understand them completety. When we go to the laboratory to perform practicals, then we are able to understand different results and conclusions.

તેવી જ રીતે સ્વર્ગારોહણ આપણી માટે એક practical lab છે. જે કંઈ આપણે પ્રભુ પાસે શીખ્યું છે, સાંભળ્યું છે તેનું implementation પૂ.મા સ્વર્ગારોહણમાં એક ઉત્તમ શિક્ષક બની આપણી પાસે કરાવે છે.

તો ચાલો આજે આપણે પણ સાંભળીએ કે મૌન, પ્રણામ, નિર્જળા વ્રત, જપ આ બધી આધ્યાત્મિક formulas આપણને શું conclusion કે result આપી શકે.

**(૧) મૌન :**

–જાત સાથે જીવવાની સુંદર તક એટલે મૌન.

–Maun gives us a chance to listen to our inner voices.

–Mental silence should be the prime goal in our daily life.

–If we can be mentally calm we can solve many problems of life and find ways to do difficult tasks.

–પૂ.શ્રી માની અસાધારણ શક્તિઓ પાછળનું રહસ્ય મૌન ને પણ ગણી શકાય.

–આપણે બાવનીમાં ગાઈએ જ છીએ ને,

**'મૌન મંદિર મા પામ્યા તેજ**
**ગુરુ ભેટ્યા સામેથી સ્હેજ.'**

–પૂ.શ્રી મોટાના મૌન મંદિરમાં એકાંતવાસ દરમિયાન પૂ.શ્રી માને અનેરો આનંદ અને પ્રભુપ્રેમની મસ્તી અનુભવવા મળી. એકાંત સેવનમાં આપણો સ્થૂળ સાથી કોઈ નથી હોતો પરંતુ પ્રભુ જ સાચો સૂક્ષ્મ સાથી બની જાય છે.

–It is an opportunity to be away from the outside world and to solely offer ourselt to the divine.

–એટલે પૂ.શ્રી માએ હમણાં જ આપણી પાસે પણ મૌન મંદિરના પ્રયોગો શરૂ કરાવ્યા છે.

(૨) **બાવની :**

–પૂ.શ્રી પ્રભુ અને પૂ.શ્રી માના જીવનદર્શનને આલેખતી સ્તુતિ એટલે બાવની. જીવન શુદ્ધિની પ્રાર્થનાનો પુષ્પગુચ્છ એટલે બાવની.

–આપણા જીવનનું રક્ષા કવચ બની રહેલી એ બાવન પંક્તિના એક-એક શબ્દ જાણે આપણા જીવનમાં સુખ, શાંતિ, આનંદનો અનુભવ કરાવતા હોય એવું પ્રતીત થાય.

–કદાચ કોઈને આપણા મા–પ્રભુનો પરિચય ન હોય તો આ બાવની સાંભળીને એમના જીવન દર્શનની ઝાંખી મળી જાય.

–By offering Bavni to our beloved Maa–Prabhu, we get a chance to remember all their significant life events within 3 minutes.



–Bavni is so much a part of our life that it is in our subconscious mind. The stanzas which we like the most keep coming up in our subconscious mind and keep us connected with Maaprabhu.

જેમકે, **પાઠ કર્યાથી શાંતિ મળે,**
**ચિંતા જડતા ભીતિ ટળે.**

–બાવની વિષે આપણે તો વધુ શું કહી શકીએ, માના શબ્દોમાં જ સાંભળીએ.

'આ સ્તુતિની ૫૨ પંક્તિ સર્વોત્તમ બીજ છે. જેની સ્વર્ગારોહણની ધરતીના કણ-કણમાં વાવણી થઈ રહી છે. કોઈક ધન્ય ક્ષણે એ ઊગશે, એ ફળશે એ અમરવેલ ઉપર દર્શનનું સર્વોત્તમ ફળ એક ધન્ય ક્ષણે પ્રાપ્ત થશે જ.'

'એ પાવન સ્તુતિ સ્વર્ગારોહણના પ્રારંભકાર્યે જાણે શ્રી ગુરુ ભગવંતનું સ્તોત્ર બને. સ્વર્ગારોહણના પૂર્ણવિરામ પામતાં કાર્યમાં એ હર હર મહાદેવ હરનું જયઘોષ બની જાય છે.'

(૩) **જપ :**

Chanting

–(Reciting) of the holy name or mantra.

–સતત હરિ સ્મરણમાં જોડાયેલા રાખે તે જપ.

–It is important to perform jap with love, faith and affection.

–Practice off jap helps to control one's senses and to strengthen the bond with the al-

mighty. The ultimate goal is to realize the eternal power of god.

–We can experience divine joy with jap.

–આપણા પૂ.શ્રી મા સતત કેટલા વર્ષોથી જપયજ્ઞ કરી રહ્યા છે.

–મા માટે પરમ કૃપાળુ પરમાત્મા પ્રભુને ભજવાનું શ્રેષ્ઠ સાધન જપ છે એવું એમના જીવન દ્વારા પ્રતીત થાય.

–અંતર મનને આનંદે આપનારું, અધ્યાત્મ ક્ષેત્રે આગળ વધારનારું અને પ્રભુ માર્ગે જવાનું ઉત્તમ સાધન જપ જ છે.

(૪) **પ્રણામ :**

'નાના મોટા કરે પ્રણામ મનોરથ બને સફળ તમામ.'

'ચરણો માંહે કરી પ્રણામ ધન્ય બનીએ અમે તમામ.'

પ્રણામ પ્રેમ છે, અનુશાસન છે, શીતળતા છે, આદર શીખવે છે. પ્રણામ સ્વાસ્થ્યનું શ્રેષ્ઠ પીણું છે.

–પ્રણામથી સારા વિચારો આવે છે, જેનાથી આત્મશાંતિ મળે છે. પ્રણામ પૂ.શ્રી પ્રભુ પાસે નમવાનું શીખવે છે.

–પ્રણામ અહંકારનો નાશ કરી પ્રભુ પથ પર ચાલવા સંસ્કાર પ્રદાન કરે છે.

–Pranam is expansion of soul with humility.

–યુવાનો માટે પ્રણામ મનને સ્વચ્છ કરવાની પ્રક્રિયા છે. જેનાથી મનના વિકારોનો નાશ થઈ પ્રભુ પાસે પરસેવા રૂપે પીગળી જાય છે.

–માની કેટલાંય વર્ષોની આ પ્રણામ-પૂજાની તપસ્યાનું દર્શન આપણે સૌએ કર્યું જ છે.



–પ્રણામ મા-પ્રભુ પાસે પ્રાર્થનાની, ક્ષમા માંગવાની અને આપણા જીવનના અંધકારને દૂર કરી પ્રકાશના માર્ગે લઈ જવાની એક પૂજા-અર્ચના છે.

–એટલે આજથી શીખીએ ને આપણે પણ ઘરની બહાર આવતા જતા પ્રણામ કરવાનું ન ભૂલીએ.

(૫) **પ્રદક્ષિણા :**

–પૂ.માની તપોભૂમિ એવી આ પવિત્ર કુટિયા આપણા સૌ માટે પ્રભુને પ્રાર્થવાનું, ક્ષમા માંગવાનું તીર્થ છે.

–Pradakshina means the path surrounding something.

–We can say that path that takes towards our Maa-prabhu.

–જ્યારે સ્વર્ગારોહણ બનતું હતું ત્યારે પૂ.મા એ કૈલાસ પર્વત પર જઈ ખજૂરીના વૃક્ષોના પાન–કાપીને કાચી કુટિયાનું નિર્માણ કર્યું હતું. ને તેમાં પારાયણો, અખંડ ધૂનો, શિવમહિમ્નસ્તોત્ર, પ્રાર્થના આ બધું જ કરી તેને તપોભૂમિ બનાવી.

–ત્યારબાદ ૧૯૧૨ માં કેનેડાના ભક્તોએ તેને નવું સ્વરૂપ આપ્યું ને આરસની કુટિયાનું નિર્માણ થયું.

–પણ એક અગત્યની વાત એ છે કે, આ કોઈ સામાન્ય કુટિયા નથી. When we enter in this holy kutiya, we can feel the pious vibrations and (spiritual strength) btiss. All this things we can feel because of Maa's prayers and tapasya (તપસ્યા).

–પ્રદક્ષિણા કરતા-કરતા પ્રભુને પ્રાર્થીએ છીએ, ક્ષમા

માંગીએ છીએ અને એ પ્રાર્થના તરત જ સંભળાય છે એનું કારણ એટલું જ કે પૂ.મા એ તીર્થસમી એ કુટિયાને જીવંત રાખવા માટે કંઈ કેટલાય વર્ષોની ખૂબ સાધના કરી છે.

—આપણી કુટિયામાં પંચદેવો છે, જે તીર્થમાં વચ્ચે પ્રભુ સ્થાન ધરાવે છે, Just like in solar system, the sun is at the center around which the planets rotate.

–Our pradakshinas should be done with God at center. It should be done slowly and never in a hurry, our thoughts and actions must dwell on God.

–So from today whenever we come to swargarohan we should not forget to come to the kutiya and do pradakshina with prayers.

**(૬) પ્રકાશના પંથેનું પારાયણ :**

—આધ્યાત્મિક જગતમાં આગળ વધવા માટે અત્યંત ઉપયોગી એવો મહાગ્રંથ એટલે પ્રકાશના પંથે.

—પુસ્તકનું શીર્ષક જ છે પ્રકાશના પંથે, એટલે કે જીવનને પ્રકાશમય બનાવનાર ગ્રંથ પરંતુ એ સામાન્ય પ્રકાશ નહીં, આધ્યાત્મિક પ્રકાશ તરફ આગળ લઈ જનાર પૂ.શ્રી પ્રભુનું સર્વોત્તમ અને ઉચ્ચ કોટિનું સાહિત્યિક સર્જન છે.

–Prabhu has narrated in prakash na panth that he used to write a diary right from his childhood and he continued it over an extended period of time. It was his favourite way of observing life and drawing conclusions. We should



also adopt from this habit of prabhu and can observe our life by writing daily life diary.

—યોગ, જ્ઞાન અને ભક્તિનો સમન્વય એટલે પ્રકાશના પંથે.

—આધ્યાત્મિક ક્ષેત્રે પ્રભુએ પોતે કરેલા અનુભવો છે જેથી બીજાને પણ આ ગ્રંથ દ્વારા માર્ગદર્શન મળી શકે.

—પ્રભુનો બાળક છું એ ગર્વ છે તે એમના રચેલા ગ્રંથમાંથી એમના સદ્‌ગુણો અને આદર્શોને વાંચી તેનો અમલ કરવો એ મારું કર્તવ્ય છે, એવું સમજી શકી છું. તો આપણે બધા જ પ્રભુએ રચેલા પુસ્તકોમાંનું ફક્ત ૧ જ પૃષ્ઠ વાંચીએ અને દરરોજ એમના બાળક હોવાનો અનુભવ કરીએ.

**(૭) નિર્જળા વ્રત :**

—મનને સંયમિત કરવા માટે અને આત્મબળને દૃઢીભૂત કરવામાં સૌથી ઉપયોગી એટલે નિર્જળા વ્રત.

–The first and very important benefit of fasting is on the health of an individual.

–It facilitates in the reduction of laziness.

–Fasting not only affects the body but mind as well.

–The mind is able to focus without much efforts.

—આધ્યાત્મિક માર્ગને સરળ બનાવતા ઉપવાસ જરૂરી છે.

—આપણે સૌએ આપણી નજર સામે આપણા માનું દર્શન કર્યું જ છે. પણ એ નિર્જળા વ્રત કર્યા પછી જ આપણને સૌને સમજાયું હશે કે માને જોવામાં અને પોતે કરવામાં કેટલો બધો તફાવત છે. કેટલું દૃઢ મનોબળ જોઈએ એ સમજાયું હશે.

–Through fasting life will become pure and people will progress rapidly on the path of spirituality.

–જેવી રીતે, પૂ.માનું જીવન કેટલું પવિત્ર અને શુદ્ધ છે.

તો હવે, આ બધી જ formulas જો આપણે practically perform કરીએ તો સમજીને કરીએ કે what is the importance of all this આધ્યાત્મિક formulas ? અને આજે પૂ.માના જન્મદિને અત્યાર સુધી માનું દર્શન કરીને જે શીખ્યાં છીએ, પામ્યાં છીએ, તેનું practical implementation કરી આપણી સાધના પૂ.માને અર્પણ કરીએ. પૂ.મા અને પ્રભુના ચરણમાં વંદન સાથે આભાર માનીએ કે આપણને લીધેલા નિયમોમાં પાર પાડ્યા અને મા–પ્રભુની કૃપાથી જ we could do our niyams successfully. So thank you Maa. અને પ્રેમ તથા શ્રદ્ધા-ભક્તિથી ચરણોમાં વંદન.

## (૨) મહર્ષિ

જય કૃપાળુ મા

પૂજ્ય શ્રીમા વિશે કંઈ પણ બોલવું એ સૂર્યની સામે દિવો ધરવાનું કામ છે ! પૂ.શ્રીમા વિશે બોલવાની આપણા કોઈમાં તાકાત નથી, લાયકાત નથી, પણ આટલા વર્ષોથી સ્વર્ગારોહણ તીર્થમાં આવી ને જે જે શીખ્યા છીએ અને આ તીર્થમાં આવી ને પૂ.શ્રી માને માણ્યા છે, એના પરથી થોડું બોલવાનો નમ્ર પ્રયાસ છે.

મારી દૃષ્ટિ પૂ.શ્રીમાના જીવનને મુખ્ય ત્રણ તબક્કામાં લઈ શકાય. (૧) પૂ.શ્રીમાને પૂ.શ્રી પ્રભુ મળ્યા તે પહેલાનું જીવન (૨) પૂ.શ્રી પ્રભુના સાન્નિધ્યમાં રહ્યા તે દરમ્યાનનું પૂ.શ્રીમાનું જીવન. અને (૩) પૂ.શ્રી પ્રભુનું લીલાસંવરણ પછીનું પૂ.શ્રીમાનું



જીવન. આમ આ ત્રણ તબક્કામાં વહેંચી શકાય.

પૂ.શ્રીમાનું બાળપણનું નામ સરોજ અને સરોજનો અર્થ કમળ થાય. અને પૂ.શ્રીમાનું આખું જીવન પણ કમળ જેવું પવિત્ર અને લૌકિક દુનિયાથી દૂરનું રહ્યું છે.

પૂ.શ્રીમા બાળપણથી જે ખૂબ તેજસ્વી, બુદ્ધિશાળી અને શાંત હતા. ઉદારતા અને પ્રમાણિકતાના ગુણો પૂ.શ્રીમા પાસે બાળપણથી જ હતા. હસો અને હસાવો એ પૂ.શ્રીમાનો જીવનમંત્ર નાનપણથી જ છે. અને અધ્યાત્મિકતાની રુચિ તો જાણે જન્મોથી જ છે. પૂ.શ્રીમાને સંગીત પણ ખૂબ ગમતું.

પૂ.શ્રીમા યુવાનીમાં પણ ખૂબ જ મહેનતુ, અને ભણવામાં ખૂબ તેજસ્વી હતા. અને તેના લીધે પૂ.શ્રીમાને કોલેજમાં બી.એ.માં પ્રથમ આવવા બદલ ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત થયો હતો.

૧૯૭૧માં પ્રથમ વાર પૂ.શ્રીમાને પૂ.શ્રીના દર્શન થયા. અને તે જ દિવસથી પૂ.શ્રીમાએ પૂ.શ્રી પ્રભુએ પોતાના "આધ્યાત્મિક ગુરુ" તરીકે હૃદયમાં સ્થાપી દીધા. ધીમે ધીમે પૂ.શ્રી મા પ્રભુના દરેક પ્રવચનો, શિબિરો અને સત્સંગમાં અતિ નિયમિત હાજરી આપતા ગયા. પૂ.શ્રી પ્રભુ પ્રત્યેનો પ્રેમ શ્રદ્ધા વધતી જ ગઈ. (આમ તો વર્ષોથી છે જ)

૯ નવેમ્બર ૧૯૭૯નું વર્ષ પૂ.શ્રીમા માટે ઘણું અગત્યનું વર્ષ સાબિત થઈ પડ્યું. તે દિવસે પૂ.શ્રી પ્રભુને હાર્ટ એટેક (હાર્ટ એટેકની લીલા સર્જી પૂ.શ્રી મા સાથે રહેવા આવે તે માટે) આવ્યો હતો. અને પૂ.શ્રીમા પાસે બે જ રસ્તા હતા. એક રસ્તો પૂ.શ્રી પ્રભુને જીવન સમર્પિત કરી પ્રભુની સેવામાં હંમેશ માટે લાગી જવું. અને બીજો રસ્તો નોકરી ચાલુ રાખવી અને એ જ જીવન જીવવું. પરંતુ પૂ.શ્રીમાએ રાજીનામું મૂકીને પોતાનું સંપૂર્ણ

જીવન પ્રભુની સેવા અને આધ્યાત્મિક માર્ગે આગળ વધવાનું વિચાર્યું અને સમર્પણનો રંગ આપણે અત્યારે પૂ.શ્રીમામાં જોઈ શકીએ છીએ.

પૂ.શ્રીમાનો ૧૯૮૦ થી ૧૯૮૪નો સમયગાળો પૂ.શ્રીમાના જીવનના અતિ મહત્ત્વના સોનેરી વર્ષો ગણી શકાય. તે વર્ષો દરમ્યાન પૂ.શ્રીમાએ પૂ.શ્રીને પાસેથી નિહાળ્યા અને માણ્યા, અને પૂ.શ્રી તે દરમ્યાન ભક્તિ અને ભાવ વધતો જ ગયો. પૂ.શ્રીના લીલા સંવરણ પછી પૂ.શ્રીમાએ પોતાનું સમગ્ર જીવન પૂ.શ્રીને આ જગમંચ સમક્ષ પ્રગટાવવા માટે સમર્પિત કરી દીધું. અન્નનો ત્યાગ અને નિર્જળા વ્રત ઉપવાસ અને ઘણા આધ્યાત્મિક નિયમો વધારતા જ ગયા. અને ૧૯૯૫થી પૂ.શ્રીમાએ પોતાની વાણીને પણ વિરામ આપી દીધો.

ગુરુ ભક્તિનો કોઈ ઉત્તમ દાખલો જેવો હોય તો તે આ જગમંચે આપણા પૂ.શ્રીમા છે. પૂ.શ્રીના માત્ર પાંચ મિનિટ માટે પાંચ પગલા આ ધરતી ઉપર અંકિત થયા અને પૂ.શ્રીમા જે રીતે આ તીર્થને સ્વર્ગારોહણ તીર્થમાં ફેરવી દીધું. જેનું દર્શન આપણે સૌ કરી શકીએ છીએ. પૂ.શ્રી પ્રભુની નાનામાં નાની વસ્તુઓ જેમ કે પૂ.શ્રીના વસ્ત્રો, પુસ્તકો, અરે નખ થી માંડીને દાંત અને વાળ જેવી વસ્તુઓનું સંકલન કરી અને આયોજન બદ્ધ ગોઠવીને આપણને પૂ.શ્રીના પ્રાગટ્ય દિનથી પૂ.શ્રીના લીલાસંવરણ સુધીની તમામ વસ્તુઓ ક્રમબદ્ધ ગોઠવી અને ''યોગતીર્થ''નું સર્જન કર્યું. સતત કલાકોના કલાકો પૂ.શ્રીમાએ પરિશ્રમ વેઠીને, સતત કલાકોના કલાકો ઊભા રહીને પૂ.શ્રીમાએ ''યોગતીર્થ''નું સર્જન કરી અને પૂ.શ્રી પ્રભુનું સમગ્ર જીવન દર્શન જાણે માએ ''યોગતીર્થ''માં કરાવ્યું. અને પૂ.શ્રી પ્રભુને જગમંચે



પ્રગટાવવાનું ભગીરથ કામ કર્યું છે. પૂ.શ્રી પ્રભુના જીવન અને પૂ.શ્રીના સાહિત્યને સમગ્ર વિશ્વ સામે લાવી વિશ્વમાં તેમના નામનો ઝંડો લહેરાવ્યો છે.

પૂ.શ્રી પ્રભુના પડેલા દરેક બોલ પૂ.શ્રીમાએ ઝીલી બતાવ્યા છે. પૂ.શ્રીમાએ પોતાના વ્યક્તિત્વની ભવ્યતાને પડદા ઓથે રહીને પ્રભુને જગમંચ સન્મુખ મૂક્યા છે. ખરેખર પૂ.શ્રીમાનું જીવન સંપૂર્ણ જીવન પૂ.શ્રી પ્રભુને સમર્પિત છે.

નિયમપાલનમાં પૂ.શ્રીમાની તોલે તો કોઈ આવી શકે તેવું આ જગમાં કોઈ છે નહીં પૂ.શ્રીમાએ પોતાનું જીવન નિયમપાલનથી શણગાર્યું છે. પ્રણામ, જપ, તપ, લેખન, પ્રાર્થના, મૌન આ બધામાં પૂ.શ્રીમા અતિનિયમિત છે. અને પૂ.શ્રીમાને મૌન તો પૂ.શ્રીમાનું અતિ પ્રિય શસ્ત્ર છે. પૂ.શ્રીમાએ ૩૯૦૦ થી વધુ જેટલા નિર્જળા વ્રત ઉપવાસ કર્યા છે. એટલે જો એને વર્ષમાં ફેરવીએ તો લગભગ ૧૦ વર્ષથી વધુ નિર્જળા વ્રત ઉપવાસ કર્યા એમ કહી શકીએ અને એટલા નિર્જળા વ્રત ઉપવાસ જો આપણે કરવાના હોય તો કેટલાય જન્મો લેવા પડે ! ૧૯ કરોડથી વધુ જપ અને અઢળક પ્રણામ, પ્રણામ નિયમોના પહાડો અને પૂ.શ્રીમા જાણે આધ્યાત્મિકતાના શિખરની ટોચે બિરાજમાન છે. છતાં પણ નિયમપાલન ચાલુ જ છે. અને એટલે જ પૂ.શ્રીમાને ''તપેશ્વરી'' પણ કહેવામાં આવ્યા છે. આધ્યાત્મિકતાની પરાકાષ્ઠાએ પહોંચ્યા પછી પણ પૂ.શ્રીમાની સાધના અવિરતપણે ચાલુ જ છે. પૂ.શ્રીમા અમને પણ આવી નિયમપાલન માટેની ભક્તિ અને શક્તિ આપજો.

પૂ.શ્રીમા આપ શ્વેત વસ્ત્રધારી મૌની, આવા પૂજ્ય શ્રીમાને પહેલી નજરે જોતાં જ પ્રેમ થઈ જાય છે. પૂ.શ્રીમાની સાદગી,

સરળતા, સહજતા મને ખૂબ જ પ્રિય છે. ધીર, ગંભીર, શાંત, પ્રેમાળ, પ્રસન્ન, પૂ.શ્રીમાના દર્શનથી જ ઘણાં બધા દુઃખો દૂર થઈ જાય છે.

પૂ.શ્રીમા આધ્યાત્મિકતાના સર્વોચ્ચ શિખરે બિરાજમાન છે છતાં અહંમ્‌નો છાંટો પણ પૂ.શ્રીમાની અંદર જોવા મળતો નથી. પૂ.શ્રીમાનો પ્રેમ એવો ને એવો જ છે. નાના બાળકો થી લઈને શ્રી નારાયણ કાકાને પણ વારેવારે સ્વર્ગારોહણ ખેંચી લાવે છે. પૂ.શ્રીમાનો લોહચુંબક જેવો પ્રેમ જ આટલા બધા ભક્તોને સ્વર્ગારોહણ ખેંચી લાવે છે. પૂ.શ્રીમા એક જ ભાષા જાણે છે અને તે છે પૂ.શ્રીમાના પ્રેમની ભાષા અને પૂ.શ્રીમાની આ પ્રેમની શક્તિમાં જ એટલું સામર્થ્ય છે કે ધારે તો કમળની લાકડીથી હાથીને બાંધી શકે ! અને પર્વતને ખાબોચિયામાં ડુબાડી શકે, આપણી આટલી બધી પહાડ જેવી ભૂલોને ભૂલી જઈને પૂ.શ્રીમા આપણા બધાને પ્રેમ કરી શકે છે. આપણે પૂ.શ્રીમાના પ્રેમના દરિયામાં એકવાર ઝંપલાવ્યું હોય પછી આપણે તેમાંથી બહાર આવી ન શકીએ કારણ પૂ.શ્રીમાનું દર્શન જ સર્વસ્વ છે.

યુવાની એટલે શું ? જ્યારે ૭૫ વર્ષનું શરીર ૨૫ વર્ષના યુવાનને હંફાવી જાય તે યુવાની ! આપણા પૂ.શ્રીમા હંમેશા યુવાન અને આજની ભાષામાં કહીએ તો મારી આ મા સ્માર્ટ મા છે. સાહસ એ પૂ.શ્રીમાને પ્રિય છે. પરિવર્તન પૂ.શ્રીમાને ગમે છે. સાહસિકતાને હંમેશ માટે પૂ.શ્રીમા વંદન કરે છે. પૂ.શ્રીમા યુવાનોના મિત્ર હોય તે રીતે જ વાતો કરે છે. પૂ.શ્રીમાની ભવ્યતાને આપણે ક્યારેય જાણી શકવાના નથી ! આ આપણા પૂ.શ્રીમાને દુનિયાની દરેક વાત અને દરેક વસ્તુઓનું જ્ઞાન છે. પૂ.શ્રીમા દરેક ક્ષેત્રમાં અવ્વલ છે.



ભલે ગમે તેટલા દુઃખ હોય જીવનમાં પણ જ્યારે પૂ.શ્રીમાનું મીઠું, સુમધુરું હાસ્ય જોઈએ જીવનના બધા જ દુઃખ દૂર થઈ જાય, સ્વચ્છતા, ચોકસાઈ, પારદર્શકતા જેવા સદ્‌ગુણો પૂ.શ્રીમાની અંદર બાળપણ થી જ છે જ ! જે કામ કરવું એ કામ સંપૂર્ણ એકાગ્રતાથી અને એ કાર્યમાં પોતાનો જીવ રેડી દેવો એ દર્શન આપણે પૂ.શ્રીમાના જીવન પરથી જોઈ શકીએ છીએ.

દરેક વસ્તુમાં સારું જોવાનો સદ્‌ગુણ પૂ.શ્રીમા આપણને શિખવાડતા આવ્યા છે. વિશિષ્ટતાને વંદન એ પણ પૂ.શ્રીમાનો સદ્‌ગુણ છે. દરેકને વિવિધ રીતે વધાવવાની પૂ.શ્રીમાની રીતભાત પણ વિશિષ્ટ છે. તમે એક પગલું પૂ.શ્રીમા તરફ જાઓ અને પૂ.શ્રીમા હજાર પગલાં ભરી તમારી તરફ આવશે. પૂ.શ્રીમા પાસે આ બધા બાળકો સરખા જ છે અને દરેકને પૂ.શ્રીમા "મા" જેવો જે પ્રેમ આપે છે.

પૂ.શ્રીમાના જીવનની સૌથી પ્રિય વાત એ પૂ.શ્રીમાની પ્રાર્થના કરતા રહેવાની શિખામણ આપે છે. જીવનમાં કંઈ પણ મુશ્કેલી હોય પ્રાર્થના કરે અને દરેક કાર્યોમાં ભગવાનને સાથે રાખે. એ આપણને પૂ.શ્રીમા પાસે શિખવા મળ્યું છે. પૂ.શ્રીમા કહે છે. કંઈ પણ જોઈતું હોય તો પૂ.શ્રી પ્રભુ કુટિયામાં બેઠા જ છે. પ્રાર્થના કરો અને મળશે જ. "માંગે તેને મળે."

પૂ.શ્રીમાએ જીવનમાં આવતી મુશ્કેલીઓ સામે લડવા માટે પ્રાર્થના નામનું શસ્ત્ર આપણને આપ્યું છે. પૂ.શ્રીમાના જીવનમાંથી શિખ્યા છીએ ઘણું બધું શિખવાનું બાકી છે. પૂ.શ્રીમાને એજ પ્રાર્થના કે અમને બધાને જ આધ્યાત્મિક માર્ગે આગળ અને આગળ વધવાની પૂ.શ્રીમા શક્તિ અને આશીર્વાદ આપજો.

પૂ.શ્રીમાતો સંપૂર્ણ પ્રભુના જ છે. એમ આપણે પણ સંપૂર્ણ

રીતે પૂ.શ્રીમા અને પૂ.શ્રી પ્રભુના થઈએ પૂ.શ્રીમા એવા આશીર્વાદ આપો.

પૂ.શ્રીમાને બાળ મહર્ષિના આપના ચરણકમળમાં કોટિ કોટિ પ્રણામ...

જય કૃપાળુ મા.

## (૩) પુષ્ટિ શાહ

પૂ.મા અને પ્રભુના ચરણોમાં મારા પ્રણામ. મા એટલે જગત-જનની. મા એટલે પૂર્ણ સ્વરૂપ. બાળપણથી જ પૂ.મામાં સર્વધર્મ સમભાવની ભાવના હતી. પૂ.માતાજી ભીખીબા અને બાપુજી કાલિદાસકાકાના આશ્રયે બાળપણથી પ્રેમ, ક્ષમા અને આધ્યાત્મિક સંસ્કારો પામ્યા. પૂ.મા નાના હતાં ત્યારે તેઓ પોતાના માતા-પિતાને આદર આપતા હતા. અને વિદ્યાર્થી તરીકે પૂ.મા પોતાના શિક્ષકોને પણ આદર આપતા હતાં. પૂ.મા ભણવામાં પણ શ્રેષ્ઠ હતાં. પૂ.માને કોલેજમાં ગુજરાતી વિષયમાં ગોલ્ડ મેડલ મળ્યો હતો.

૧૯૭૦માં સુરતના સાધના વિદ્યાલયમાં પૂ.માએ આચાર્ય તરીકેની ભૂમિકા નિભાવી. તે પદ પણ પૂ.માએ ખૂબ સારી રીતે નિભાવ્યું. તો પ્રભુની માંદગી સમયે જ્યારે પૂ.માએ રાજીનામું આપીને પ્રભુ પાસે જવાનો નિર્ણય કર્યો, તો ટ્રસ્ટીઓએ પૂ.માને આચાર્ય પદ ના છોડવા ખૂબ વિનંતી કરી. તેમણે રાજીનામું સ્વીકાર્યું નહીં અને પૂ.માની રાહ પણ જોઈ. પણ પૂ.મા પોતાના નિર્ણયમાં મક્કમ હતાં.

ત્યારબાદ પૂ.માના જીવનમાં પ્રભુ આવ્યા અને પછીથી પૂ.માએ તેમને પોતાના સદ્‌ગુરુનું સ્થાન આપ્યું. પૂ.માએ પ્રભુ માટે બધું જ છોડી દીધું. પૂ.મા પછી પ્રભુના આધ્યાત્મિક વારસદાર બન્યા અને ખૂબ સારી રીતે પોતાની જવાબદારીઓ નિભાવી બસ એટલું જ નહીં, પણ જ્યોર્તિમયી માતાજી જ્યારે બિમાર પડ્યાં ત્યારે પૂ.માએ તેમની નિદ્રાનો ત્યાગ કરી, ખડે પગે પૂ.માતાજીની સેવા કરી.



તે પછી પૂ.મા આપણને આપણા સદ્‌ગુરુ તરીકે મળ્યાં. આપણા ગુરુ બનીને આપણામાં સારા સંસ્કારોનું સિંચન કરી રહ્યાં છે. જેમ કે પ્રેમ, ક્ષમા, ઉદારતા અને આધ્યાત્મિકતા વગેરે. પૂ.માએ આપણા જીવનમાં પ્રકાશ ધર્યો છે. આપણને સંસારમાં રહીને પણ આધ્યાત્મિક માર્ગે આગળ વધવા શીખવ્યું છે. પૂ.મા એ આપણને સર્વગુણ સંપન્ન થવાનો માર્ગ બતાવ્યો છે. હું પૂ.માના ગુણોની વાત કરું તો તે અનંત છે.

She is the best in the world since, I am coming to swargarohan since childhood, there is a complete behaviour change between me and my friends. My friends ask me that why you feel like going to Ambaji so frequently or doing pranam regularly. When I talk about pujya Maa, they feel very surprised when they know that she dosen't talk or eat anything. We have to give a leave application before 1 or 2 days I we are going to remain absent. My most of leaves in school are due to coming to swargarohen, so my teachers ask me that why do you go to Ambaji

so frequently. It is the love and atraction of Maa that brings me here. The true understanding of spirituality that Maa has given us, it is not found in all the people when we go outside.

## (૪) પૂ.માનો પંચોત્તરમો પ્રાગટ્ય દિન

**રથી પુરોહિત–વર્ષ ૧૧**

૧૩ નવેમ્બર પૂ.માનો પ્રાગટ્ય દિવસ સમગ્ર સૃષ્ટિ પર કૃપાનો દિવસ સુખ શાંતિ સ્નેહના અમીરસનો દિવસ. સર્વ ભ્રાંતિઓને ભાંગી પ્રભુના પ્રેમાલાપમાં મ્હાલવાનો દિવસ. આ પ્રાગટ્ય દિવસ એટલે સહજતા, સરળતા ને સાલસતાનો દિવસ પૂ.માના અથાગ મૌનનો ગુંજન દિવસ.

સૌ બાળભક્તો માટેનો આ કૃપાદિન. પૂ.માના પ્રાગટ્યને પ્રણામ કરે છે.

પૂ.મા તો હરક્ષણે-હરપળે કણે કાડો પ્રગટ છે. માત્ર એના સ્વરૂપો બદલાયું છે. જ્યાં સાધના છે. સત્યકર્મ છે. જ્યાં શુભ છે. જ્યાં સુમેળ છે ને જ્યાં સાંત્વન છે ત્યાં મા પ્રગટ છે. પ્રત્યેક ફલોની મહેકમાં તારાઓના ટમટમાટમાં પક્ષીઓના કલરવમાં હર રૂપેમાં છે.

યુગેયુગે પ્રગટવાનો યશ માત્ર ને માત્ર પૂ.શ્રી પ્રભુના પ્રેમ પોકારોનો પ્રત્યુત્તર એટલે જ પૂ.માનો આ પ્રાગટ્ય દિન. સામાન્ય માણસ જન્મે ને શક્તિ સ્તોત્ર પ્રગટે ને દરેકમાં શુભત્વ પ્રકટાવે.

દરેક બાળ હૃદય પર અદ્‌ભુત શાસન કરનારા આ પૂ.શ્રી મા આ બાળ હૃદયને પ્રેમથી ભરી દે છે. તો આ પ્રેમ રૂપી પ્રાગટ્ય આપણા જીવનના પ્રત્યેક દિવસે નીતનવા ગુણોનું પ્રાગટ્ય કરીએ. તો આ પ્રગટ સ્વરૂપને કંઈ અંશે અંજલિ ધરી શકીએ.



પૂ.મા એ સીંચેલા નાના નાના સદ્‌ગુણો બાળ હૃદયને સાચા રસ્તે વાળવામાં સ્હાય રૂપ થાય છે. સર્વ વ્યાપી પૂ.મા હરક્ષણે આપણી પાસે જ છે. સાથે જ છે. આપણે માત્ર આંખ જ ખુલ્લી રાખીએ છીએ. અને દૃષ્ટિ બંધ રાખીએ છીએ. જો દૃષ્ટિ ખુલ્લી જાય તો પૂ.મા પ્રત્યક્ષ છે. સમક્ષ છે-સતત છે. જો જાણ શક્તિના આ મહાપર્વને શુભતત્ત્વને આપણે નતમસ્તકે પ્રણામ કરીએ એની કૃપાધારાને ઝીલી જીવનને સાચા અર્થમાં શ્રી હરિને સર્વ રીતે પામવાનો પ્રયત્ન કરી જે યુગ કાર્ય માટે પૂ.મા ભગવતીનું પ્રાગટ્ય છે. એની અંદર ભળીને આપણે પણ એક પ્રેમ અર્ઘ્ય આપી એજ આ કરુણામય પૂ.માના શ્રી ચરણોમાં પ્રણામ કરી આશીર્વાદ અણમોલ પ્રસાદને પામીએ.

જય કૃપાળુ મા.

## (૫) સ્વર્ગારોહણમાં સંસ્કાર સિંચન

**પુણ્યા**

પૂ. શ્રી માના ચરણોમાં કોટિ કોટિ વંદન. આજથી ૭૫ વર્ષ પહેલાં કારતક વદ બીજ, તારીખ ૧૩ નવેમ્બર–૧૯૪૩માં શનિવારની રાત્રે ૯ કલાક અને ૧૦ મિનિટે શ્રી ભીખીબાનાં અંકે પૂજ્યશ્રી માનું અવતરણ થયું અને આપણા સર્વે માટે અમૃતના દ્વાર ઉઘડ્યા.

પૂ. શ્રી માની ભૂમિકા આપણા દરેકના જીવનમાં અલગ અલગ હોય છે. જો માત્ર જીવનની વાત કરું તો જેમ શ્રીકૃષ્ણની

બે માતાઓ હતી જન્મ આપનાર દેવકી મા અને તેમને સંસ્કારો આપીને તેમનો ઉછેર કરનાર યશોદા મા. આજે કોઇ પણ પૂછે કે ભગવાન શ્રીકૃષ્ણની માતાનું નામ શું? તો દરેકના મોઢામાંથી પહેલું નામ યશોદા મા જ નીકળે. કારણ કે તેમણે શ્રીકૃષ્ણનાં જીવનનું ઘડતર કર્યું હતું. તેવી જ રીતે મારી પણ બે માતાઓ છે. જન્મ આપનાર મા અને મારામાં સંસ્કારનું સિંચન કરનાર મારી સાચી સનાતન આધ્યાત્મિક માતા એટલે જ પૂ. શ્રી મા. વળી બીજો વિચાર આવે કે મા વિનાનું આપણું જીવન કેવું હોય? મા પાસેથી ક્ષણે ક્ષણે તેમના જીવનનું અવલોકન કરતાં કરતાં પણ ઘણું બધું શીખવા મળે છે. ઘણીવાર જ્યારે બીજા અમારી ઉંમરના બાળકોને જોઇએ તો તરત જ ફરક ખબર પડી જાય કે મા વિનાનું આપણું જીવન કેવું હોત? આપણે કલ્પના પણ કરી શકતા નથી કે આપણું જીવન કેવું ને કઇ દિશામાં જઇ રહ્યું હોત. આપણે કોઇ અંધારા ખૂણામાં જ રહ્યા હોત. પૂ. શ્રી મા તો દીપકની જ્યોત સમાન આપણા અંધકારમય જીવનનાં ખૂણે ખૂણે પ્રકાશ પાથરી રહ્યાં છે.

વળી નાનપણથી જ સ્વર્ગારોહણ આવવાનું બનતું હોવાથી મા આપણામાં સંસ્કારોનું સિંચન કરે છે. જેવા કે આપણાથી મોટા કે વડિલોનો આદર કરવો, ગમે તે પરિસ્થિતિ હોય પણ કદી જુઠું ન બોલવું, શાળાના શિક્ષક પ્રત્યે પણ ગુરુભાવ રાખી સન્માનની નજરે જોવું, બીજાને હંમેશા મદદરૂપ થવું, કોઇની કદીપણ નિંદા ન કરવી, સૌને નમતા રહેવું—નમે તે સૌને ગમે. આ બધા જ સંસ્કારો આપણી ગળથૂથીમાં રહેલાં છે. મા તમે અમારા ગુરુ છો, મા તમે તો અમારા સંસ્કારના પ્રણેતા છો, મા તમે તો અમારી માટે શ્રદ્ધાના સ્રોત છો, તો વળી તમે અમારા આરાધ્ય દેવ છો.



માએ અમારી અંદર જે સંસ્કારોનું ઘડતર કર્યું છે એનું શ્રેય અમારા મમ્મી—પપ્પાને આભારી છે કે એ અમને નાનપણથી જ્યારે પણ અનુકૂળતા હોય ત્યારે મા પાસે સ્વર્ગારોહણ લાવતા અને ઘરમાં હોઇએ ત્યારે પણ માને યાદ કરી નિત્ય પ્રાર્થનાની ફરજ પાડતા.

છેલ્લે એક જ પ્રાર્થના મા તમે આપેલા સંસ્કારોને લઇને અમે આગળ વધીએ. સ્વર્ગારોહણને જગમંચે દિપાવવા મા અમે અમારો અંશ જેટલો પણ સહયોગ આપી શકીએ તો અમે અમારી જાતને ધન્ય માનીશું.

જય કૃપાળુ મા.

## બે પુસ્તકોનું પ્રકાશન

પૂજ્ય માના ૭૫મા જન્મદિન નિમિત્તે બે પુસ્તકોનું પ્રકાશન પણ થયું. **હિમાલયના પત્રો** ઘણા વર્ષોથી ઉપલબ્ધ ન હતા. આ પત્રો પૂજ્યશ્રીએ નારાયણભાઈ તથા અન્યો પર લખેલા છે. તેમાં વ્યક્તિગત પ્રશ્નો કરતા યુવાનોને ઉપયોગી સાધનાત્મક ક્ષેત્રે અને તે વખતની રાજકીય ક્ષેત્રની સમજ પૂરી પાડવામાં ઘણા ઉપયોગી થઈ પડે તેવા છે. આ પત્રોમાં પૂ.શ્રીના તે સમયના સાધનાત્મક પ્રયાસો અને તેમાં તેઓની ભગવાન પ્રત્યેની અનન્ય નિષ્ઠાનો ચિતાર પ્રાપ્ત થાય છે. હિમાલયના પત્રો એ પહેલી આવૃત્તિ છે અને **રામનું હૃદય** એ પૂ.શ્રીએ સીતા ત્યાગ પછી ભગવાન રામે ઉત્તરાવસ્થામાં સીતા વિનાના રામના હૃદયનો ચિતાર નાટકરૂપે સરસ રજૂ કર્યો છે.